MANOGAT • Year 40 • Issue 13 • 10 October 2021 • Aasho Sud 5, Samvat 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





# मनोगत



## ૭ ઑક્ટોબર ૨૦૦૧ - ગુજરાતથી શરૂ થયેલી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૦ વર્ષથી અવિરામ અવિચલ સાધના - રાષ્ટ્રની તપવંદના

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય પેટાચૂંટણીઓમાં ભાજપાનો અભૂતપૂર્વ વિજયોત્સવ












Year : 40, Issue : 13, Pages : 28



# તંત્રીસ્થાનેથી

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપનું ૨૦ વર્ષનું સુશાસન
## સત્ય અને શ્રદ્ધાના પરમાર્થ પથ પર અવિરામ - અવિચલ સાધના

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

૭મી ઓક્ટોબર ૨૦૦૧થી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં અને ૨૦૧૪થી સમગ્ર રાષ્ટ્રમાં શરૂ થયેલી આપણી સુશાસન યાત્રા વિશ્વના ઇતિહાસમાં પણ કદાચ ઐતિહાસિક હશે.

મારી દૃષ્ટિએ શ્રી નરેન્દ્રભાઈના વ્યક્તિત્વના પાંચ 'પ'એ આ ૨૦ વર્ષની પરમાર્થયાત્રાને પરમ શિખરે પહોંચાડી છે.

**(૧) પ પ્રામાણિકતાનો પ :** શ્રી નરેન્દ્રભાઈ પ્રામાણિકતાના 'પર્યાય' બની ગયા છે. ૨૦ વર્ષના જાહેર જીવનમાં એક પણ વ્યક્તિગત આરોપ એમના પર ક્યારેય કોઈ લગાવી શક્યું નથી. કાદવ ઉછાળવાના અનેક ખોટો લોકોએ પ્રયત્નો કર્યા તો સત્યની એરણ પર સોનું થઈને વધારે તપીને તેમનું 'અકિંચનપણું' પુરવાર થયું છે. આજે સમગ્ર દેશ, સમાજ, પક્ષ અને આપણા જેવા તમામ કાર્યકર્તા માટે ગૌરવ અને પ્રેરણાનું ઉદાહરણ તેમના વ્યક્તિત્વ દ્વારા પ્રસ્થાપિત થયું.

**(૨) પ પ્રબળ પુરુષાર્થનો પ :** શ્રી નરેન્દ્રભાઈએ ૨૪ કલાકમાંથી ૨૦-૨૦ કલાક સુધી કામ કરી વિકાસ માટેની પ્રતિબદ્ધતા પુરવાર કરી છે. શાસનની એ પદ્ધતિ બદલાવી દીધી કે - નીચેથી ટેબલો ફરી ફરીને ફાઈલ CM કે PM પાસે આવે પછી કંઈક કામગીરી થાય - જેના સ્થાને વિકાસકામનો નિર્ણય ઉપરથી જ અને ઝડપથી થાય અને નિયમસરની અમલવારી નીચેના તંત્ર દ્વારા થાય તેવી સાચી પદ્ધતિ શાસનમાં અમલમાં આવી. નિર્ણયના અસરકારક પરિણામ માટે મિનિટે-મિનિટનું follow up કરવાની system પણ તંત્રમાં ગોઠવાઈ. સતત પરિશ્રમ અને પુરુષાર્થ દ્વારા ટકોરાબંધ વિકાસ આપણે પ્રત્યેક ક્ષેત્રમાં આજે પ્રાપ્ત કરી શક્યા છીએ - જેના મૂળમાં શીર્ષસ્થ નેતૃત્વના પ્રચંડ પુરુષાર્થનો સેવાયજ્ઞ છે.

**(૩) પ પ્રજાલક્ષી અભિગમનો પ :** શ્રી નરેન્દ્રભાઈએ હંમેશા શાસનને પ્રજાલક્ષી અને પ્રજાસ્પર્શી બનાવ્યું છે. લોકભાગીદારીના સાચા આયામ દ્વારા તેમણે શાસનને પારદર્શક તો બનાવ્યું જ સાથે-સાથે તેમાં પ્રજાને જોડવાથી પ્રજામાં પણ 'પોતાપણાનો' ભાવ  જાગૃત થયો. ગામેગામ બંધાયેલા ચેકડેમો કે સ્વચ્છતા અભિયાન હેઠળ પોતાના પરસેવાથી પ્રાપ્ત થયેલાં પરિણામોની કિંમત પણ રાષ્ટ્રની સાથે-સાથે વ્યક્તિ પાસે પણ ઉભી થઈ. પ્રત્યેક યોજના-આયોજનમાં પ્રજાને જોડવાના શ્રી નરેન્દ્રભાઈના અભિગમના કારણે જ આજે ન માત્ર લોકતંત્ર પરંતુ સમાજજીવન પણ આપણને સૌને 'જીવંત' અનુભવાય છે. બેટી બચાવો - કન્યા કેળવણી જેવાં અનેક ઉદાહરણો આપણી સામે છે. પ્રજાના અવાજનો પડઘો શાસનમાં છે તો શાસનના મનની વાત પ્રત્યેક રાષ્ટ્રહિત ધરાવનારા જાગૃત નાગરિકતાના હૈયે છે.

**(૪) પ પ્રથમ રાષ્ટ્રભાવનો પ :** ભાજપની વિચારધારાએ આપેલા રાષ્ટ્રને પરમવૈભવે પહોંચાડવાના સંકલ્પને ફળીભૂત કરવા નીકળેલા શ્રી નરેન્દ્રભાઈના પ્રત્યેક પગલામાં રાષ્ટ્રહિત પ્રથમ અને સર્વોચ્ચ સ્થાને છે. નાનામાં નાની બાબતે પણ રાષ્ટ્રના ભોગે કશું નહીં એવા શાસને દેશભરની નવી પેઢીમાં 'રાષ્ટ્રભક્તિ'નાં આધુનિક બીજ રોપ્યા છે. આઝાદીની લડત નહીં લડેલી વર્તમાન પેઢીમાં દેશભક્તિનો નવો અને આધુનિક દૃષ્ટિકોણ શ્રી નરેન્દ્રભાઈના પડોશી દેશો સામેના વ્યવહાર, વિશ્વના અન્ય દેશો સાથેના સંબંધો અને દેશની આંતરિક સુરક્ષા અને આત્મનિર્ભરતા દ્વારા નવી પેઢીને પ્રગટપણે અનુભવાઈ રહ્યા છે, જે સૌ માટે ગૌરવની બાબત છે.

**(૫) પ પરમતત્ત્વ સાથેના આધ્યાત્મિક અનુસંધાનનો પ :** શ્રી નરેન્દ્રભાઈની આધ્યાત્મિક ચેતના - ઋષિતુલ્ય વ્યક્તિત્વોનું સાંનિધ્ય, સત્ય અને શ્રદ્ધાના પરમાર્થ પથ પર તેમની અવિરામ-અવિચલ સાધનાએ આ દેશના અસ્તિત્વ વખતે થવા જેવાં કેટલાંય કામો (રામમંદિર નિર્માણ, ૩૭૦ કલમ રદ કરવી જેવાં અનેક) માટે તેમને નિમિત્ત બનાવ્યા તે બાબત પોતે જ તેઓ પરની અને તેના દ્વારા સમગ્ર દેશ પરની ઈશ્વરકૃપા જ ગણી શકાય. આવી તમામ બાબતો એ આપણી વિચારધારા દ્વારા સર કરાયેલ હિમાલયનું ઉચ્ચતમ શિખર માત્ર નથી પરંતુ ભારતભૂમિને 'વિશ્વગુરુ' બનાવવાની દિશામાં નીકળેલી 'ગંગા' અને 'ગીતા' છે. જે વિશ્વસાગરને પોતાની સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની ચેતના દ્વારા 'અમૃત મંથન' કરાવી પરમ તેજે લઈ જનારી છે.

હું માનું છું કે ૨૦ વર્ષના આ શાસનનો હજી તો આ યૌવનપ્રવેશ છે. પડકારો ઘણા છે તો સામે આપણી શક્તિ પણ વધી રહી છે. દિશા પણ સ્પષ્ટ છે. બસ શ્રી નરેન્દ્રભાઈની જેમ પ્રામાણિકતા, પુરુષાર્થ, પ્રજાલક્ષી અભિગમ અને રાષ્ટ્રના પરમવૈભવ માટેની આપણી સાધના અવિરામ અને અવિચલપણે આપણા દ્વારા ચાલતી રહે તેવી પરમતત્ત્વને પ્રાર્થના.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.,** 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# સુશાસનનાં ૨૦ વર્ષ - સત્તાને બનાવ્યું સેવાનું માધ્યમ



## ૭ ઑક્ટોબર ૨૦૦૧થી ગુજરાતથી શરૂ થયેલી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અવિરામ, અવિચલ સાધના રાષ્ટ્રની તપવંદના

માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં મુખ્યમંત્રી તરીકેના સમયગાળામાં ગુજરાત રાજ્ય યુવાનોને રોજગાર આપવામાં પ્રથમ નંબરે રહ્યું. ૮૫ લાખ લાભાર્થીઓને **૧૦૦૦ ગરીબ કલ્યાણ મેળાઓ** મારફતે **૧૩,૦૦૦ કરોડ રૂપિયાની સીધી સહાય** મળી.

માછીમારોને ૨૧ હજાર કરોડની સહાય અને **માછીમારો માટે ૧૧,૦૦૦ કરોડ રૂપિયા**ની યોજના પૂર્ણ કરાઈ તેમજ ૨૧,૦૦૦ કરોડ રૂપિયાની અતિરિક્ત યોજના પણ અમલમાં મુકાઈ. કોંગ્રેસકાળમાં જેમની ઘોર ઉપેક્ષા થયેલ તેવા **આદિવાસીઓ માટે ૪૦ હજાર કરોડ** રૂપિયા ફાળવાયા જે અંતર્ગત **૧૫,૦૦૦ કરોડ** રૂપિયાની આદિવાસી કલ્યાણ યોજનાને **૧૭,૦૦૦ કરોડ** રૂપિયા ખર્ચીને પણ પૂર્ણ કરાઈ અને જરૂર જણાયે અતિરિક્ત **૪૦,૦૦૦ કરોડ** રૂપિયાનાં નવા પેકેજ ઉપર અમલ કરાયો.

માત્ર આદિવાસીઓ જ નહીં બલ્કે **શહેરી ગરીબો માટે** પણ **૨૫,૦૦૦ કરોડ**ની જોગવાઈ કરવામાં આવી. માનનીય મોદીજીએ શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના પૂર્ણ થઈ કે તરત જ ૨૫,૦૦૦ કરોડ રૂપિયાના નવા પેકેજ ઉપર કાર્ય શરૂ કરાવેલ. **મહિલા ઉત્કર્ષ**ની વાત કરીએ તો માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના મુખ્યમંત્રી કાળમાં **૩૦ લાખ મહિલા**ઓને સ્વરોજગાર મળ્યો. **'મિશન મંગલમ્'** યોજના અંતર્ગત **૨.૨૫ લાખ સખી મંડળો**ના માધ્યમથી **૩૦ લાખ મહિલા**ઓને સ્વરોજગાર પ્રાપ્ત થયો, જેમાં **૧૭,૦૦ કરોડ રૂપિયા**નું રોકાણ થયેલ. આજે પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જે પગલાંના કારણે પરિવરોમાં મહિલાઓનું સ્થાન મજબૂત બન્યું છે તેવો નિર્ણય એટલે કે મહિલાઓ માટે સ્ટેમ્પ ડ્યુટીમાં માફીની જાહેરાત કરાઈ; એટલે કે મહિલાઓ દ્વારા ખરીદ થતી સંપત્તિ ઉપર નોંધણી શુલ્ક માફ કરાયું, જેનો લાભ અત્યાર સુધીમાં લાખો મહિલાઓએ લીધો છે અને કરોડો રૂપિયા માફ કરાયા છે. વર્તમાનમાં પણ આ લાભો મળી રહ્યા છે. આ જ કારણે મહિલાઓનાં પારિવારિક માનસન્માન અને હક્ક વધુ મજબૂત બન્યા છે. **૨૫૦ મહિલા સરપંચોને સમરસ એવોર્ડ** અપાયા. ગામડાંઓમાં બિનહરીફ ચૂટણીઓ અંતર્ગત ૨૫૦ મહિલા સરપંચોને સર્વાનુમતે ચૂંટવા બદલ દરેક **ગ્રામપંચાયતોને વિકાસ માટે ૫-૫ લાખ અતિરિક્ત ફાળવાયા**. આમ ગામડાંઓમાં મહિલાઓની ભૂમિકા નિર્ણાયક બનાવવાની ઐતિહાસિક પહેલ કરાઈ.

**૧૧ વર્ષમાં ૨૨ લાખ આવાસો** એટલે કે પ્રતિ વર્ષ ૨ લાખ આવાસોનું નિર્માણ થયું, અત્રે ઉલ્લેખનીય છે કે એ પહેલાંનાં ૪૦





વર્ષોમાં માત્ર ૧૨ લાખ આવાસો બનાવવામાં આવેલ. ૭૪ ટકા પાણીની સપ્લાઇ પાઇપલાઇનથી; રાજયનાં **૭૪ ટકા ઘરોમાં પીવાનું પાણી ટ્યુબવેલ અથવા પાઇપલાઇન દ્વારા પહોંચાડવાની વ્યવસ્થા** થઈ. સમગ્ર રાજયમાં **૭ લાખ ઘરોને પાઈપલાઈન દ્વારા રાંધણ ગેસની આપૂર્તિ** કરાઈ.

મોદીજીના મુખ્યમંત્રીકાળમાં **સાક્ષરતા દર ૧૦.૬ ટકા ઊંચા દરે અગ્રેસર** રહ્યો. શરૂઆતનાં વર્ષમાં જ સાક્ષરતા દર વર્ષ ૨૦૦૧ માં જે ૫૮ ટકા હતો તે ૧૩ ટકાના વધારા સાથે ૨૦૧૧માં ૮૧ ટકાએ પહોંચ્યો હતો. **શાળાપ્રવેશ ૧૦૦ ટકા** અને **સ્કૂલ ડ્રોપ આઉટ રેશિયો ૨૨ ટકાથી ઘટીને ૨ ટકા** સુધી પહોંચ્યો. શિક્ષામાં ગુણાત્મક સુધાર; ગુણોત્સવના માધ્યમથી શિક્ષણની ગુણવત્તામાં સુધાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું. **એન્જિનિયરિંગ અને મેનેજમેંટની બેઠકો**માં ૫ ગણી વૃદ્ધિ થઈ, ૨૦૦૧માં ૨૨,૫૩૫ બેઠકો હતી જે **૨૦૧૧માં વધીને ૧,૨૩,૫૯૨ બેઠકો** થયેલ. **કોલેજો અને વિદ્યાલયો**ની સંખ્યા વર્ષ ૨૦૦૧માં ૪૪૨ હતી જે **૨૦૧૧માં વધીને ૧,૭૬૨** થઈ, ૩૧ નવાં વિશ્વવિદ્યાલયો જેમાં **૧૧ વિશિષ્ટ વિદ્યાલયો**નો પણ સમાવેશ થાય છે. જે અંતર્ગત સમગ્ર રાષ્ટ્રમાં સૌપ્રથમ **રક્ષાશક્તિ વિદ્યાલય**નું ગઠન કરવામાં આવ્યું. સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ એકમાત્ર **ફોરેન્સિક વિશ્વવિદ્યાલય** ગુજરાતમાં સ્થાપવામાં આવ્યું; જેની સેવાઓ આજે માત્ર ભારતમાં જ નહીં બલ્કે વિશ્વના અનેક દેશો ક્રાઈમ ડિટેક્શન સહિતના અનેક મામલે લઈ રહ્યા છે. **ભારતમાં સૌપ્રથમ પેટ્રોલિયમ વિશ્વવિદ્યાલય**ની સ્થાપના પણ ગુજરાતમાં થઈ. સરકારી એન્જિનિયરિંગ કોલેજમાં ફી માત્ર ૧,૫૦૦ રૂપિયા કરવામાં આવી અને **૪૦૦૦ નવી મેડિકલ બેઠકો** ગુજરાતમાં વધારવામાં આવી જેથી ગુજરાતનાં વિદ્યાર્થીઓને રાજયની બહાર અભ્યાસઅર્થે ન જવું પડે. સેટેલાઈટ સ્પેક્ટ્રમના માધ્યમથી છેવાડાના વિસ્તારોનો શિક્ષા કાર્યક્રમ સક્ષમ બન્યો. દેશમાં પહેલીવાર જી.ઓ.આઈ. થી ૩૬ મેગાહટ્ર્સ સેટેલાઈટ ટ્રાન્સપોન્ડર પ્રાપ્ત થયા. સ્કોપ કાર્યક્રમ અંતર્ગત ૩ લાખ વિદ્યાર્થીઓને અંગ્રેજીનું પ્રશિક્ષણ અપાયું.

એમ્પાવર કાર્યક્રમ અંતર્ગત તાલુકા ૧૦૦૦ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું પ્રશિક્ષણ. સી.એમ ફેલોશિપ દ્વારા યુવાનોને સરકારમાં ઉલ્લેખનીય યોગદાન માટે સક્ષમ બનાવાયા. ખેલ વિશ્વ વિદ્યાલયની સ્થાપના તેમજ **ખેલ મહાકુંભ**માં **૧૮ લાખથી વધુ** ખેલાડીઓ**એ ખેલ મહાકુંભમાં ભાગ લીધો.** શતરંજ મહોત્સવનું આયોજન કરાયું. ખેલજગતને દૂરંદેશી પ્રધાનમંત્રી અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા અપાયેલ પ્રોત્સાહનનું પરિણામ આજે આપણે સૌએ ઓલિમ્પિક અને પેરા ઓલિમ્પિકમાં ભારતના ખેલાડીઓને મળેલા એવોર્ડો દ્વારા જોયું છે.

સ્વાસ્થ્ય સેવાના માધ્યમથી **૩૩ લાખ દરદીઓનો ઉપચાર** થયો; જેમાંથી ૧૧ લાખ કિસ્સાઓ માત્ર ગર્ભાવસ્થા તથા પ્રસૂતિ સંબંધી હતા. લગભગ નિઃશુલ્ક જેનેરીક દવાઓ અને નિદાન માટે ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશનની સ્થાપના કરાઈ. મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અંતર્ગત તમામ બીપીએલ લાભાર્થીઓને પરિવાર દીઠ ૨ લાખ સુધીના તબીબી સારવાર ખર્ચની જોગવાઈ. ઈ-મમતા, ચિરંજીવ બાળસખા, ફોર્ટિફાઈડ ફૂડ, ખિલખિલાટ વાન જેવા કાર્યક્રમો થકી માતા અને બાળકોનું કલ્યાણ. પીપીપી આધારિત ચિરંજીવ યોજનાના માધ્યમથી **૬૯ લાખ પ્રસૂતિ હોસ્પિટલોમાં** જ થઈ. **બાળમૃત્યુ દર** પ્રતિ વર્ષ ૨૦૦૧ના ૬૨ ટકાથી **ઘટીને ૨૦૧૧માં ૪૪ ટકા** થયો. માતા મૃત્યુદર (એમએમઆર) પ્રતિ વર્ષ ૨૦૦૧ના ૨૦૨થી ઘટીને વર્ષ ૨૦૧૧માં ૧૪૮ થયો. વિદ્યાલય સ્વાસ્થ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત **પ્રતિ વર્ષ ૧.૫ લાખ બાળકોની તપાસ** થઈ. આ ઉપરાંત યુવાનોમાં કેન્સર અને અન્ય જીવલેણ બીમારીઓને ધ્યાને લેતાં ગુટખા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લદાયો; જેનાથી પ્રેરાઈને અન્ય રાજ્યોમાં પણ આ નિર્ણયનું અનુકરણ કરાયું.

દેશનાં ૨૮,૦૦૦૦૦ ગામડાંઓમાંથી ગુજરાતનાં **૪,૨૮૧ ગામો નિર્મળ ગામો** બન્યાં. રાજયમાં એક દસકા દરમ્યાન કૃષિ વિકાસદર ૧૦.૮ હતો જ્યારે એ જ સમયે સમગ્ર રાષ્ટ્રમાં કોંગ્રેસના શાસનમાં કૃષિ વિકાસદર ૨.૩ હતો. **કૃષિની આવક ૭ ગણી વધેલ**, વર્ષ ૨૦૦૧માં જે ૧૪,૦૦૦ કરોડ હતી એ જ આવકનો આંક **૨૦૧૧માં ૯૮,૦૦૦ કરોડ થયેલ**, જ્યારે દૂધ ઉત્પાદનમાં ૬૬ ટકાનો



ધરખમ વધારો થયલ. **કપાસ ઉત્પાદન ૨૩ લાખ ગાંસડીઓથી વધીને ૧૨૩ લાખ ગાંસડીઓએ પહોંચ્યું** હતું; જે ૪૬૫ ગણી વૃદ્ધિ દર્શાવે છે. ૨૦૦૫માં ૧ માસ ચાલેલા કૃષિ મહોત્સવમાં ખેડૂતોને આધુનિક અને વૈજ્ઞાનિક ખેતીથી માહિતગાર કરાયા જેના પગલે ગુજરાતના ખેડૂતોની માથાદીઠ આવકમાં અનેકગણો વધારો નોંધાયો. માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ૪ લાખ નવા એગ્રિકલ્ચર કનેકશન અપાયાં; જ્યારે એ પહેલાંના ૪૦ વર્ષમાં માત્ર ૬.૩ લાખ કનેક્શન ફાળવયેલાં. **ખેડૂતોને ૪૩ લાખ ખેતી સ્વાસ્થ્ય કાર્ડ અર્પણ** કરાયાં. દેશમાં સૌપ્રથમ વખત એનિમલ હોસ્ટેલનું નિર્માણ થયું અને ૩૦,૦૦૦ એનિમલ હેલ્થ કેમ્પો આયોજિત અંતર્ગત **૧.૨ કરોડ પશુઓની સ્વાસ્થ્ય ચકાસણી** થઈ તેમજ **૧૧૨ પશુરોગોને નાબૂદ** કરાયા.

અગાઉ **સિંચાઈ** અંતર્ગત આવતાં ક્ષેત્ર જે ૧૦૮ લાખ હેક્ટર હતા તે વધીને **૧૪૫ લાખ હેક્ટર**ના સ્તરે પહોંચ્યાં. **૭ લાખ હેક્ટરમાં ટપક સિંચાઈ પદ્ધતિ અને સ્પ્રિંકલર ઈરિગેશન, વોટર હાર્વેસ્ટિંગ માળખું,** કૃષિ તળાવો, અને અસંખ્ય ચેકડેમો બનાવાયા; જળસંચય યોજનાઓ દ્વારા ભૂગર્ભજળ ઊંચાં લવાયાં અને સૂકી જમીનો સુધી નર્મદાનાં નીર પહોંચ્યાં ડાર્ક ઝોન દૂર કરવાના પગલે **૫૭ તાલુકાઓમાં અજવાળું પથરાયું.** સમગ્ર દેશમાં પ્રથમ વખત બન્યું કે ભૂમિગત જલસ્તરો ૩ થી ૧૩ મીટર ઊંચા આવ્યાં. કચ્છની સૂકી અને સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતની તરસી જમીનોમાં નર્મદાનાં નીર પહોંચ્યાં એસેયુએનઆઈ યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ડેમોમાં નર્મદાના પૂરનાં પાણી ભરવામાં આવ્યાં.

**કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રોમાં વૃદ્ધિદર** નિરંતરરૂપ થી **૧૦ના ક્રમાંકે** બનેલો રહ્યો. **૨૦૧૧ના પાંચમા વાઈબ્રંટ સમિટ**માં ૧૦૦ દેશોએ **૨૧ લાખ કરોડનું રોકાણ** કર્યું. ટાટા મોટર્સ, મારુતિ અને ફોર્ડના આગમન સાથે ગુજરાત ઓટો હબ બન્યું. જ્યારે રાષ્ટ્રીય પર્યટન દર ૧૦ ટકા હતો ત્યારે ગુજરાતમાં આદરણીય નરેન્દ્રભાઈ મોદીજીના મુખ્યમંત્રી નેતૃત્વમાં એ જ દર ૧૬ ટકા હતો. નૌકાઓ બનાવવાના ઉદ્યોગમાં ગુજરાત રાજયનું યોગદાન ૬૦ ટકા હતું. ૨૬માંથી ૧૮ જિલ્લાઓને લાભ પ્રાપ્ત થાય એ માટે ૫૬૫ કિલોમીટર લાંબા ફ્રેટ કોરિડોરની (ડીએફસી) બન્ને તરફ વિશ્વકક્ષાની સુવિધાસભર ૧૫૦ કિલોમીટરના ઔદ્યોગિક ક્ષેત્રની સ્થાપનાનું કાર્ય ૧૩ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન



(એસઆઈઆર) દ્વારા આરંભાયું. શાંઘાઈ કરતાં બમણા વિસ્તારમાં ધોલેરા સરની પ્રક્રિયા શરૂ કરાઈ. આગામી સમયમાં ગિફ્ટ સિટીની સ્થાપના આંતરરાષ્ટ્રિય હબ બનશે. જી-સ્વાનની સાથે જોડાયેલ તમામ જિલ્લાઓ એશિયાના સૌથી મોટા ફાઈબર નેટવર્ક. નદીઓને જોડવાની યોજના **સુજલામ્ સુફલામ્** સહિત **૧૦ જિલ્લાઓ સામેલ.** ગુજરાતભરમાં ફેલાયેલ **૧૯૦૦ કિલોમીટરનો વોટર ગ્રીડ ૧૪૫ લાખ હેક્ટરના સ્તરે પહોંચ્યો.** મોદીજીના સુશાસનથી ગુજરાત ૨૨૦૦ કિલોમીટરનાં રાજયવ્યાપી ગેસ ગ્રીડથી સજ્જ એકમાત્ર રાજ્ય બન્યું.અંતરિયાળ વિસ્તારો સુધી પાકા રસ્તાઓ, વિકાસ કિસાન પથ, પ્રગતિ પથ, વિકાસ પથ, પ્રવાસી પથ અને ગૌરવ પથ દ્વારા મૂર્તિમંત. જ્યોતિગ્રામ યોજના અંતર્ગત રાજયનાં તમામ ગામોમાં **૨૪ કલાક વીજળી.** વીજળી ઉત્પાદનની ક્ષમતા ૨૦૦૭માં જે ૯૬૦૦૦ મેગાવોટ હતી તે વધીને **૨૦૧૨માં ૧૫,૭૫૦ મેગાવોટ થઈ,** એટલે કે ૫ જ વર્ષમાં બમણી થઈ. રાષ્ટ્રિય સરેરાશની તુલનામાં વ્યક્તિ દીઠ વીજળીનું ઉપાદન બમણું થયું.

**નર્મદાબંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી વધારાઈ;** એટલું જ નહીં, બલ્કે નર્મદા તટ અને નહેર દ્વારા **૧,૪૫૦ મેગાવોટનાં હાઈડ્રો પાવરનું ઉત્પાદન કરાયું. વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા 'સરદાર વલ્લભભાઈ પટેલ'ની;** સરદાર સરોવર ડેમની બાજુમાં સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ શરૂ થયું. રાષ્ટ્રનો સૌપ્રથમ રિવરફ્રંટ પ્રોજેક્ટ અમદાવાદમાં સાબરમતી રિવરફ્રંટ પ્રોજેક્ટ બન્યો.

ઘોઘા બંદર ઉપર ફેરી સર્વિસ અને બીઆરટીએસ પ્રોજેક્ટ સફળતાપૂર્વક કાર્યાન્વિત જેને કેટલાયે આંતરરાષ્ટ્રિય ખિતાબો પણ પ્રાપ્ત થયા છે. પંચામૃત ફ્રેમવર્ક દ્વારા વિકાસ કર્યો, જેમાં ઊર્જા, પાણી, જ્ઞાન, માનવ સંસાધન તેમજ સેવાનો સમાવેશ.રાજસ્વ ઓવરલોડની સ્થિતિને જાળવીને



**૧૧ મી પંચવર્ષીય યોજનાનું કદ ૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયા**નું કરવામાં આવ્યું. **૩,૦૦,૦૦૦ કરોડ રૂપિયાની ૧૨મી પંચવર્ષીય યોજના** પૂર્વની યોજનાઓની તુલનામાં ત્રણ ગણું મોટું કદ. વિકેન્દ્રીકરણ - સાત જિલ્લા અને ૨૦ નવા તાલુકાઓની ઘોષણા; સ્થાનિક વહિવટીતંત્રને વિશેષ અધિકારો આપવા માટે તાલુકા સરકાર. પંચાયતી રાજ સંસ્થાઓને સુદૃઢ કરાઈ; પ્રત્યેક ગ્રામપંચાયતને સ્વવિવેકથી ૫ લાખ સુધીનાં વિકાસકાર્યોનો અધિકાર અપાયો. કોઈપણ પ્રકારનાં સામાજિક વિવાદ અને અપરાધમુક્ત ગામને તીર્થગામ સંબોધવાનો નિર્ણય; જે અંતર્ગત ૨ લાખ રૂપિયાનું વિકાસ અનુદાન. આ અંતર્ગત હાલ **૧૫૦ થી વધુ તીર્થગામો સમાવિષ્ટ.** આ ઉપરાંત સર્વાનુમતીથી બનાવનાર ગ્રામપંચાયતોને સમરસ એવોર્ડ એટલે કે **૩-૫ લાખ રૂપિયાનું વિકાસ અનુદાન**, ૨૦૧૧માં એ આંકડો ૮,૪૨૮ નો હતો.

ન્યાયપ્રક્રિયામાં તેજી લાવવાના ઉદ્દેશ્યથી સાંધ્ય ન્યાયાલયોનો અનોખો અભિગમ. મુખ્યમંત્રી કાર્યાલયમાં સ્વાગત ઓનલાઈન દ્વારા ઉપભોક્તાઓનાં વિવાદોના તત્કાલ નિવારણ; ૨૦૧૨ સુધીમાં ૨.૨૫ લાખ કેસોની પતાવટ થતાં સંયુકત રાષ્ટ્રનો પબ્લિક સર્વિસ એવોર્ડ મળ્યો. ઈ-ધરાથી જમીન દસ્તાવેજોનું કોમ્પ્યુટરકરણ તેમજ એન.એ પ્લાનિંગ અને એપ્લિકેશનની પારદર્શી પ્રક્રિયા.

ગુજરાતની સુવર્ણજયંતીની શાનદાર ઉજવણી દરમિયાન, ભણશે ગુજરાત, ખેલ મહાકુંભ, શતરંજ મહોત્સ્વ જેવા અનોખા ઉતસવોની પહેલ. **સ્વામી વિવેકાનંદનો ૧૫૦ મો જયંતી મહોત્સવ,** યુવાશક્તિ વર્ષ ઘોષિત. હાલ ચાલી રહેલ 'પીએમ મોમેન્ટો ઓનલાઈન ઓકશન'નાં મૂળ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ તેમના મુખ્યમંત્રીકાળ દરમ્યાન જ નાંખેલા; જેમાં તેશ્રીને મળતી ભેટો તેમજ માન-સન્માનની ચીજવસ્તુઓની જાહેર લિલામીની શરૂઅત થયેલ; પ્રાપ્ત થનાર આવક કન્યા કેળવણી કોષમાં જમા કરાવાય  છે અને હાલ ચાલી રહેલ પ્રધાનમંત્રીશ્રીને પ્રાપ્ત થયેલ ચીજવસ્તુઓની ઓનલાઈન હર્રાજી દ્વારા પ્રાપ્ત રકમને નમામી ગંગે અભિયાનમાં વાપરવામાં આવશે. અત્રે એ ઉલ્લેખ જરૂરી છે કે પીએમ મોમેન્ટો ઓનલાઈન ઓકશનમાં ભાગ લઈને ચૂકવવામાં આવનાર રકમ નમામી ગંગે ફંડમાં પહોંચે છે માટે માં ગંગાનું તર્પણ દૂર રહીને પણ શક્ય બને છે; જે કોઈ પણ કાર્યકર મિત્ર આ હરાજીમાં ભાગ લેવા માંગતા હોય તેમણે www.




pmmementos.gov.in ઉપર રજિસ્ટર થઈ જવું અને રજિસ્ટર થયાનો તેમજ યથાશક્તિ ખરીદી કર્યાનો સ્ક્રિનશોટ પોતપોતાના ઉપરી પદાધિકારીઓને તેમજ નમો એપ ઉપર અપલોડ કરી દેવા.

ગાથામાં આગળ વધીએ તો હસ્તાંતરણ યુક્ત ટીપી સ્કિમ બનાવવા બદલ સર્વોચ્ચ અદાલતની પ્રશંસા પ્રાપ્ત થવાની ઘટનાનો ખાસ ઉલ્લેખ પણ આવશયક છે. દર પખવાડિયે એક રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય એવોર્ડની પ્રાપ્તિ. વાસ્મો સ્વાગત અને આપદા પ્રબંધન માટે યુએન એવોર્ડ આ ઉપરાંત કોમનવેલ્થ (સિએપીએમ) એવોર્ડ. સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ વખત જલવાયુ પરિવર્તન વિભાગની રચના; જે અંતર્ગત ૫૦૦ કરોડ રૂપિયાની કાર્બન ક્રેડિટ મૂલ્યની સૌથી વધુ સિદ્ધિ પ્રાપ્ત કરનાર રાજ્ય, જે દેશનો ૧૭.૨૮ ટકા હિસ્સો બન્યો. શહેરોમાં રુફટોપ સોલાર પાવર પ્રોડકશન પોલિસીના પગલે અનેક પરિવારો આજે વીજબીલ ચૂકવવાના બદલે વીજ ઉત્પાદન કરી કમાતા થયા છે અને રીન્યુએબલ એનર્જી મિશનના એક ભાગ બન્યા છે. આ ઉપરાંત નર્મદા નહેર ઉપર કેનાલ ટોપ સોલાર પાવર ઉત્પાદન, પાટણ પાસે ચારણકામાં એશિયાનો સૌથી મોટો **૫૦૦ મેગાવોટની ક્ષમતાવાળો સોલાર પાર્ક** જેવાં તો અનેક પ્રજાલક્ષી કાર્યો છે જે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના મુખ્યમંત્રી કાળમાં થયાં છે.

૩૦ જાન્યુઆરી ૨૦૦૬ – ''ઇન્ડિયા ટુડે'' દ્વારા રાષ્ટ્રભરમાં હાથ ધરવામાં આવેલી મોજણીમાં, નરેન્દ્ર મોદીને દેશના શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યાં તેમજ ૫ ફેબ્રુઆરી ૨૦૦૭ – ઇન્ડિયા ટુડે -ઓઆરજી માર્ગ દ્વારા રાષ્ટ્રભરમાં હાથ ધરવામાં આવેલી મોજણીમાં ત્રીજી વખત શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે જાહેર કરવામાં આવ્યા, જે કોઈપણ મુખ્યમંત્રી માટે ૫-વર્ષના સમયગાળા દરમિયાન એક અનન્ય ઉપલબ્ધિ છે.



## શ્રી નરેન્દ્રભાઈએ બનાવ્યું ભવ્ય અને દિવ્ય ગુજરાત




- ૨૦૦૧થી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીની જવાબદારી સંભાળી ત્યારથી તેઓના ૨૦૧૪ સુધીના શાસનકાળમાં ગુજરાતે જેટ ગતિએ વિકાસ સાધ્યો. ગુજરાતની પ્રગતિ અને વિકાસને માત્ર ગુજરાતની કે ભારતની પ્રજાએ જ નહિ પરંતુ વિશ્વભરની પ્રજાએ વખાણી આવકારી.
- ગુજરાત ચાર અક્ષરનું નામ બોલાય કે સંભળાય ત્યાં પ્રત્યેક ગુજરાતીની છાતી ગજ ગજ ફુલાય, મન આનંદથી બોલવા લાગે 'આપણું ગુજરાત, આગવું ગુજરાત'. હૈયું હેતથી ભરાઈ જાય કે 'ગુજરાત એટલે ગુજરાત જ'.
- સમગ્ર ભારતમાં આજે ગુજરાતની ચર્ચા છે. ગુજરાતની ચર્ચા છે તો રાજયના વિકાસની ચર્ચા છે. પ્રગતિની ચર્ચા છે. ગુજરાત ભાજપા સરકારની ચર્ચા છે. ગુજરાતની અસ્મિતાની ચર્ચા છે, તો ગુજરાતીઓના સ્વાભિમાનની ચર્ચા છે, અને છ કરોડ ગુજરાતીઓના સહિયારા પુરુષાર્થની ચર્ચા છે, તો ભાજપ સરકારે ગુજરાતમાં સાધેલી 'સ્વર્ણિમ સિદ્ધિ'ઓની ચર્ચા છે.
- **સ્ટેચ્યુ ઓફ યુનિટી :** સ્ટેચ્યુ ઓફ યુનિટી - સરદાર પટેલનું નર્મદાકિનારે વિશ્વનું સૌથી ઊંચું સ્ટેચ્યુ.
- **વાયબ્રન્ટ ગુજરાત :** વાયબ્રન્ટ ગુજરાત મહોત્સવો અંતર્ગત કરોડો રૂપિયાનું ગુજરાતના ઉદ્યોગોમાં રોકાણ.
- **કૃષિ મહોત્સવ :** કૃષિ મહોત્સવોનું આયોજન - ગુજરાતનો ૧૧% કૃષિવિકાસ દર કૃષિ ઉત્પાદન ૨૦૦૧માં રૂા. ૧૪,૬૬૩ કરોડથી રૂા. ૧,૧૧,૦૦૦ કરોડ પર પહોંચ્યું.
- **પંચામૃત યોજના :** પંચામૃત યોજના દ્વારા ગુજરાતનો વિકાસ : જ્ઞાનશક્તિ - ઊર્જાશક્તિ - જળશક્તિ - જનશક્તિ - રક્ષાશકિત.
- **જયોતિગ્રામ :** ગુજરાતનાં ૧૮૦૦૦ ગામો અને ૯,૭૦૦ પેટા પરા વિસ્તારોને જયોતિગ્રામ યોજના દ્વારા થ્રી ફેઈઝ ૨૪ × ૩૬૫ દિવસ લાઈટ પુરવઠો.
- **રસ્તાઓનું નિર્માણ :** રાજયમાં ૧ લાખ કિ.મી.ના રસ્તાઓનું શ્રેષ્ઠ નેટવર્ક પ્રગતિપથ - વિકાસપથ - પ્રવાસીપથ - કિસાનપથ અને ગૌરવપથ દ્વારા રસ્તાઓનું નિર્માણ.
- **નર્મદા ડેમ - કેનાલ :** નર્મદા ડેમની ઊંચાઈ ૧૨૧ મીટર પર પહોંચાડાઈ. ૯૦૦૦ ગામો અને ૧૫૦ શહેરો સુધી કેનાલ દ્વારા નર્મદાનું પાણી પહોંચાડયું. ૧૦ હજાર કરોડની ''સૌની યોજના'' દ્વારા ૧૧૫ ડેમોમાં નર્મદાનું પાણી ભરાશે. ચેકડેમો : છેલ્લાં સાત વર્ષમાં ૬,૫૦,૦૦૦ થી વધુ ચેકડેમો બન્યા - દેશમાં સૌથી વધુ.
- **સુજલામ્ - સુફલામ્ :** ઉત્તર ગુજરાત માટે સુજલામ્ - સુફલામ્ યોજના પૂર્ણ નદીઓનાં જોડાણમાં પ્રથમ રાજય
- **ખેત-તલાવડી-બોરીબંધ :** ૨.૫ લાખ ખેત-તલાવડીઓ - દોઢ લાખ બોરીબંધનું નિર્માણ.
- **યુનિવર્સિટી :** વર્ષ ૨૦૦૦ માં ૧૫ યુનિવર્સિટી હતી જેના સ્થાને હાલમાં ગુજરાતમાં ૫૨ જેટલી યુનિવર્સિટીઓ થઈ. પેટ્રોલિયમ યુનિવર્સિટી - ચિલ્ડ્રન યુનિવર્સિટી - રક્ષાશક્તિ યુનિવર્સિટી - કામધેનુ યુનિવર્સિટી દેશમાં સર્વપ્રથમ.
- **૧૦૮ આરોગ્ય સેવા :** ૧૦૮ આરોગ્ય સેવા દ્વારા ૩૦ લાખ જેટલા લોકોની સેવા - ૧૦ લાખ જેટલી પ્રસૂતિ સંબંધિત સેવા.
- **સોલાર પાર્ક :** એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક (ચારણકા, જિ. પાટણ) ૫૦૦ મેગાવોટ વીજઉત્પાદન



- **ગેસ : રાજયનાં ૧૫ લાખ ઘરોને પાઈપથી સીધો ગેસ** પ્રાપ્ય.
- **બેટી બચાવો અભિયાન**
- **વાંચે ગુજરાત**
- **સાબરમતી રીવફ્રન્ટ :** દેશમાં પ્રથમ અને નમૂનારૂપ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટનું કર્ણાવતી ખાતે નિર્માણ
- **ગેસગ્રડી :** અંદાજે ૨૦૦૦ કિ.મી. ગેસગ્રીડ ધરાવતું દેશનું એક માત્ર રાજય.
- **નવાં વીજજોડાણ :** છેલ્લાં ૫ વર્ષમાં ૨,૫૦,૦૦૦ જેટલાં ખેડૂતોને નવાં વીજજોડાણો અપાયાં.
- **એનિમલ હોસ્ટેલ :** એનિમલ હોસ્ટલ દેશમાં પ્રથમ વખત
- **રૂની નિકાસ :** રૂની નિકાસ માટેનું નંબર ૧ રાજય
- **સાસાકાવા એવોર્ડ :** ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે યુએનનો સાસાકાવા એવોર્ડ
- **મુખ્યમંત્રી ગૃહયોજના :** ગરીબ આવાસ યોજનાઓ છેલ્લાં દશ વર્ષમાં ૧૬ લાખ ગરીબોને આવાસ અપાયા. નવા ૫૦ લાખ (ઈ.ડબલ્યુ.એસ. એલ. આઈ.જી અને એમ.આઈ.જી.) આવાસો માટે નક્કર આયોજન.
- **રાજીવ ગાંધી ફાઉન્ડેશન એવોર્ડ :** ગુજરાતને શ્રેષ્ઠ રાજય માટે રાજીવ ગાંધી ફાઉન્ડેશન દ્વારા એવોર્ડ.

## શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રીપદે

માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પ્રધાનમંત્રી બન્યા બાદ ગુજરાત મોડેલથી આગળ વધી વિશ્વમાં ભારત મોડેલ પ્રસ્થાપિત કરવા સખત પરિશ્રમ આદર્યો. માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ રાષ્ટ્રપતિ ભવન ખાતે **૨૬ મે ૨૦૧૪ના રોજ વડાપ્રધાન પદના શપથ લીધા.** તેઓ ભારતના સૌથી પહેલા એવા વડાપ્રધાન છે જેમનો જન્મ આઝાદી બાદ થયો છે. ઈતિહાસમાં પહેલી વખત શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ તેમના શપથગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેવા માટે સાર્કના બધા જ વડાઓને આમંત્રણ આપ્યું હતું. તેમણે **૧૦૦૦ અને ૫૦૦ની ચલણી નોટો** ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ કોંગ્રેસ શાસનમાં વ્યાપ્ત એવા ભ્રષ્ટાચાર, કાળાં નાણાં અને નકલી ચલણી નોટો તેમજ ટેરેરિઝમ ફાઈનાન્સને નાથવા માટે પાછી ખેંચી લેવાની




જાહેરાત કરીને તેમની કાર્યશક્તિ અને મક્કમ નિર્ણયશક્તિનો અભૂતપૂર્વ પરિચય આપ્યો.

વર્ષ ૨૦૧૪ તથા વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન ભાજપે તેના ઢંઢેરામાં અનુચ્છેદ ૩૭૦ને નાબૂદ કરવાની નેમ વ્યક્ત કરી હતી ત્યારે કોંગ્રેસ સહિતના વિપક્ષોએ આ વાતને હસી કાઢેલ પરંતુ માનનીય નરેન્દ્રભાઈ મોદીજીએ **બંધારણના અનુચ્છેદ ૩૭૦ની કલમ એક હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કર્યો અને ૧૯૫૪થી જમ્મુ-કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો આપતા અનુચ્છેદને નાબૂદ કર્યો** હતો, જેથી હવે બંધારણ તથા તેમાં ભવિષ્યમાં થનારા દરેક પ્રકારના સુધારાઓ જમ્મુ-કાશ્મીર ઉપર લાગુ થશે. આ નિર્ણયના કારણે પાકિસ્તાન સહિતના વિશ્વને જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ હોવાનો સંદેશો પણ મળી ગયો, રાજ્યના સર્વાંગી વિકાસનો માર્ગ પણ મોકળો થયો અને પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદ ઉપર મહદ અંશે કાબૂ મેળવી શકાયો.

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સરકાર દ્વારા **જીએસટી લાગુ** થવાથી દેશના આર્થિક વિકાસની તકો ખૂલી ગઈ અને કરમાળખું સરળ પણ બન્યું; અનેક પ્રકારના ટેક્ષના કારણે હેરાનપરેશાન વેપાર ઉદ્યોગને તો જાણે પ્રાણવયુ મળી ગયો.

માત્ર ભારત જ નહીં બલ્કે વિશ્વભરમાં જેનાં ભરપૂર વખાણ થાય છે તેવું **'સ્વચ્છ ભારત અભિયાન'** ની માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સૌથી મોટી સામાજિક અને રાજકીય સિદ્ધિ તરીકે આલેખવામાં આવે છે. લાલ કિલ્લા અને ટેલિવિઝન પરના કાર્યક્રમોથી પીએમ મોદીએ તેમના ભાષણોમાં વ્યક્તિગત આગ્રહથી સ્વચ્છ ભારત અભિયાનને એક નવું પરિમાણ આપ્યું છે. તેઓ એવા પ્રથમ પ્રધાનમંત્રી છે જેમણે જનતાને સફળતાપૂર્વક જણાવ્યું કે સ્વચ્છતાનો





તેમની સ્વાસ્થ્યની સ્થિતિ અને આર્થિક સુખાકારી સાથે સીધો જ સંબંધ છે. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ભારતને ખુલ્લામાં શૌચમુક્ત દેશ બનાવવા માટે શૌચાલય-નિર્માણ કાર્યક્રમે મોદી સરકારને વધુ બહુમતી સાથે સત્તા પર પાછા ફરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી એ સૌ કોઈ જાણે છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાષ્ટ્રને સમર્પિત **'ઉજ્જવલા યોજના'** અંતર્ગત એલપીજી સિલિન્ડરોનાં મફત વિતરણને પણ ઉલ્લેખનીય પગલા તરીકે યાદ રાખવામાં આવે છે. ગામડાઓમાં મહિલાઓને ઘર દીઠ એક એલપીજી સિલિન્ડર કનેક્શન મફત મળે છે. આ યોજના એટલી લોકપ્રિય રહી છે કે ૮ કરોડ એલપીજી કનેક્શનના લક્ષ્યને પાર કરી લીધું છે.સત્તાવાર ડેટા બતાવે છે કે ઉજ્જવલા યોજના દેશમાં કુલ સ્થાનિક એલપીજી જોડાણોમાં ૭૦ ટકાથી વધુ વૃદ્ધિ ધરાવે છે.

### કાળાં નાણાં માટે એસ.આઈ.ટી.

- ભાજપા સરકારે 'કીધું તે કર્યું. કાળા ધન અંગે ભાજપા સરકારની રચના બાદ તુરત જ કેબિનેટની બેઠકમાં કાળા ધનની તપાસ માટે એસ.આઈ.ટી. રચવાનો નિર્ણય લેવાયો'.
- યુપીએ સરકારના કાર્યકાળમાં બનાવેલા મંત્રીસમૂહોને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાબૂદ કર્યા. સચિવોને વડાપ્રધાને પોતે સીધા સંવાદ દ્વારા નોકરશાહીને નિર્ણયો લેવા માટે પ્રોત્સાહિત કર્યા.
- કોંગ્રેસના કુ-શાસનમાં મોંઘવારીથી પિસાતી પ્રજાને મોંઘવારીમાંથી છુટકારો અપાવવા ભાજપા સરકારે રાજકોષીય અને વહીવટી ઉપાયો કર્યા અને ૫૦૦ કરોડ રૂપિયાના મૂલ્ય સ્થિરીકરણ કોષની સ્થાપના કરી.
- ભ્રષ્ટાચારને ખતમ કરવા ભાજપ રકારે ઈન્ફર્મેશન ટેક્નોલોજી આધારિત પારદર્શક તંત્ર બનાવવા પર ભાર મૂકયો. ભ્રષ્ટાચાર દૂર કરવા ઈ-ક્રાંતિ પરિયોજનાની શરૂઆત કરી.

### ઈન્ફ્રાસ્ટ્રકચર અને રોકાણોમાં સુધારો

- શહેરી વિસ્તારોની સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં પણ ઉદ્યોગ - સાહસિકતાને મહત્ત્વ અપાયું.
- વૈવિધ્યસભર કૌશલ્ય કાર્યક્રમો શરૂ કરાયા.
- એકસૂત્રી રાષ્ટ્રીય ખેતબજારની નીતિ.
- રાઈટ ટુ એજયુકેશન, રાઈટ ટુ ફૂડ અને સિકયુરિટી એકમનો અસરકારક અમલ.
- દરેક યોજનાની સમયમર્યાદા નક્કી કરવા પર ભાર.

### લાલ કિલ્લા પરથી પ્રવચન

- હું પ્રધાનમંત્રી તરીકે નહિ, પ્રધાન સેવક તરીકે ઉપસ્થિત થયો છું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લા પરથી પ્રથમ વખત ત્રિરંગો લહેરાવતાં દેશવાસીઓને સંબોધન કરતાં કહ્યું હતું.
- ભારતની આન-બાન-શાનમાં બેટીઓનું યોગદાન છે.
- દેશને આગળ વધારવાનો છે. તેના માટે વિકાસ એક માત્ર રસ્તો છે.
- **'કમ, મેક ઈન ઈન્ડિયા', 'મેડ ઈન ઈન્ડિયા'.**
- જનભાગીદારી દ્વારા સ્વચ્છતા અભિયાનનો સંકલ્પ.
- **'સાંસદ આદર્શ ગ્રામ યોજના'** બનાવવાનો સંકલ્પ.
- આઝાદીનું પર્વ એ ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટેનું એક પ્રેરણાપર્વ બની શકે છે.

### ખેડૂતોની ચિંતા કરી

- ભાજપા સરકારે સોઈલ હેલ્થ કાર્ડ અને પ્રધાનમંત્રી સિંચાઈ યોજનાઓ શરૂ કરી.
- વિશ્વ વ્યાપાર સંગઠન (ડબલ્યુ.ટી.ઓ.) સાથે લડાઈ કરી ભારતના કિસાનોનાં હિતોનું રક્ષણ કર્યું.
- **ખેડૂતોને માટે મોબાઈલ મૃદા પરીક્ષણ** (માટી પરીક્ષણ) અને એમએસપી વધાર્યું.
- ડીબીટી દ્વારા ખેડૂતોના ખાતામાં સિદ્ધી સહાય અપાઈ.
- **'સ્વસ્થ ધરા, ખેત હરા'**નું સૂત્ર આપી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી.
- કિસાન વિકાસ પત્રો ફરીથી શરૂ થયા.



## લોકકલ્યાણકારી 'પ્રધાનમંત્રી જન-ધન યોજના'

- પ્રધાનમંત્રી **જન-ધન યોજના**ને કાર્યાન્વિત કરીને, નાણાકીય સહયોગના યુગની શરૂઆત.
- ભાજપા સરકારે વર્ષમાં માત્ર ૧૨ રૂપિયામાં એટલે કે મહિનામાં માત્ર **૧ રૂપિયામાં ૨,૦૦,૦૦૦ રૂપિયાનો દુર્ઘટના વીમો** દેશના સૌ કોઈ નાગરિક કે જેમની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષ સુધીની હોય તેઓને સુરક્ષા કવચ આપી દીધું.
- આ **પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના** અંતર્ગત વીમામાં દુર્ઘટના પ્રેરિત વિકલાંગતા પણ સામેલ કરવામાં આવી છે.
- **પ્રધાનમંત્રી જીવન જયોત વીમા યોજના** અંતર્ગત જેમની ઉંમર ૧૮થી ૫૦ વર્ષની હોય, તેઓએ વર્ષમાં માત્ર ૩૩૦ રૂપિયા પ્રીમિયમ ભરવાનું રહેશે અને તેઓનો ૨,૦૦,૦૦૦ રૂપિયાનો જીવન વીમો ઊતરી જશે.
- દસ મહિનાથી ઓછા સમયગાળામાં **૧૨ કરોડથી વધુ ગરીબ પરિવારોનાં બેંક ખાતાં** ખોલ્યાં છે.

## વિકરાળ ભ્રષ્ટાચારના ભોરીંગને નાથ્યો

- કોંગ્રેસના ૧૦ વર્ષના શાસનકાળમાં ૧૨ લાખ કરોડથી વધુ ગોટાળાઓ થયા હતા.
- ભાજપના શાસનકાળમાં એક પણ નાનો સરખો ગોટાળો થયો નથી.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની નિષ્ઠા અને પ્રમાણિકતા ઉપર વિરોધીઓ પણ સંમત થઈ શકે.
- કોંગ્રેસના શાસનકાળમાં કોલસાની ખાણોને કોડીઓની કિંમતે ઉદ્યોગપતિઓને લ્હાણી કરી દેવામાં આવી હતી. ભાજપાના શાસનકાળ દરમિયાન અત્યાર સુધીમાં માત્ર ૨૦ ખાણોની લિલામી દરમિયાન દેશના ખજાનામાં ૨ લાખ કરોડ રૂપિયા જમા કરાવી દીધા છે.
- સ્પેકટ્રમની હરાજીમાં પણ દેશને ૧ લાખ ૯ હજાર કરોડ રૂપિયાનો લાભ ભાજપના શાસનકાળમાં થયો છે.

## સફળ વિદેશનીતિ

- ભાજપા શાસનની 'ઊડીને આંખે વળગે' એવી વિદેશનીતિ બની રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ




મોદીની પ્રત્યેક વિદેશયાત્રા સફળ રહી છે.
- વિદેશયાત્રા દરમિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું દરેક સ્થળે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. દુનિયાભરમાં ભારતીયોનું મસ્તક ગર્વથી ઊંચું થયું છે.
- પાડોશી દેશોના સંબંધો કાયમ કરવા માટે સાર્ક દેશોના પ્રમુખોને વડાપ્રધાન દ્વારા શપથગ્રહણ સમારંભમાં આમંત્રિત કરાયા.
- વિદેશોમાં આપાતકાળમાં ફસાયેલા ભારતીયોને સલામત અને સુરક્ષિત રીતે ભારત પરત લવાયા.
- બાંગ્લાદેશ સાથેના ૪૧ વર્ષ જૂના સરહદના વિવાદનો સુખદ ઉકેલ.

## સંસ્કૃતિ અને આસ્થાઓનાં પ્રતીકોની જાળવણી

- હિન્દુઓની આસ્થાનું પ્રતીક મા ગંગા છે. ગંગામાતાના શુદ્ધીકરણ મટે ભાજપા સરકારે અલગ મંત્રાલય બનાવ્યું.
- સરકારે રાષ્ટ્રીય ગોકુળ મિશનની શરૂઆત કરી છે. **દેશી ગાયોના સંરક્ષણ અને સંવર્ધન માટે ૫૦૦ કરોડ રૂપિયાની** આ **યોજના** હેઠળ અનેક યોજના શરૂ કરવામાં આવી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્રિય પ્રયાસોથી **૨૧ જૂને** સમગ્ર વિશ્વમાં **આંતરરાષ્ટ્રીય યોગ દિવસ** ઊજવવામાં આવ્યો.

## નવીનતમ વિકાસની ઊંચી ઉડાન

- ભાજપા સરકારે એક ક્રાંતિકારી નિર્ણય લઈ યોજના પંચને સ્થાને **'નીતિ પંચ'**ની રચના કરી. નીતિપંચના સભ્યો સરકાર માટે 'થિંક ટેંક'ના સ્વરૂપે કામગીરી કરશે.
- દેશભરમાં ૨૪ કલાક વીજળી મળી રહે તે વચનને પરિપૂર્ણ કરવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **'દીનદયાળ**



ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ' યોજનાને મંજૂરી આપી. ૪૩,૦૦૦ કરોડ રૂપિયાની યોજના બનાવવામાં આવી છે.

- શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને માન આપી દેશભરમાંથી **૧ કરોડથી વધુ લોકોએ ગેસ પરની સબસીડી** જતી કરી. આ **૧ કરોડ સિલિંડર ગરીબોના ઘરમાં પહોંચશે.**
- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ઇન્ડિયાના પ્રારંભે કહ્યું હતું કે, 'હું એ ડિજિટલ ભારતનું સ્વપ્ન જોઉં છું, જ્યાં સવાસો કરોડ ભારતીયો એક સાથે જોડાય.'
- ડિજિટલ ઇન્ડિયા - ૨૫૧ સેવા અને પ્રોડક્ટ લોન્ચ કરાશે. ૬૦૦થી વધુ શહેરોમાં સાત દિવસ કાર્યક્રમ. ૧ લાખ કરોડ રૂપિયા ડિજિટલ ઇન્ડિયા પાછળ ખર્ચાશે. ૨.૫ લાખ ગામો બ્રોડબેન્ડ અને યુનિવર્સલ ફોન કનેક્ટિવિટીથી જોડાશે. ૧.૭ કરોડ લોકોને રોજગારીની તકો મળી રહેશે. સમગ્ર ભારતમાં ઈ-ગવર્નન્સ.
- દેશના ૧૦૦ નવાં સ્માર્ટ શહેરો માટે સામાન્ય બજેટમાં રૂા. ૭૦૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૧૦૦ શહેરો નિશ્ચિત કરી લેવામાં આવ્યાં છે. ઘણાં શહેરોમાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૮ એપ્રિલ, ૨૦૧૫થી **યુવાનો માટે મુદ્રા બેંક**ની શરૂઆત કરી છે.
- કૌશલવિકાસ માટે અલગ મંત્રાલયની રચના કરી ભાજપા સરકારે એક નવા અભિગમની શરૂઆત કરી છે. ૧૫ જુલાઈએ **રાષ્ટ્રીય કૌશલ્યવિકાસ મિશન**ની શરૂઆત કરવામાં આવી. આગળનાં સાત વર્ષોમાં ૪૦ કરોડ યુવાનોને કૌશલશિક્ષણ દ્વારા તૈયાર કરવામાં આવશે.
- **'વન રેંક, વન પેન્શન'** યોજનાને કોંગ્રેસ સરકારે ૪૦ વર્ષ સુધી લટકાવી રાખેલ. પૂર્વસૈનિકો માટેની આ અતિ મહત્ત્વની માંગને કોંગ્રેસ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવતી નહોતી. કેન્દ્રમાં ભાજપાની સરકાર આવતા માત્ર પંદર મહિનામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે પૂર્વસૈનિકો માટેની 'વન રેંક, વન પેન્શન' યોજનાને મંજૂરી આપી દીધી. ભારત સરકાર આપણાં રક્ષાદળો તથા પૂર્વસૈનિકોના પરાક્રમ, દેશભક્તિ તથા ત્યાગ માટે પૂરું સન્માન ધરાવે છે.



## મર્દાના નિર્ણયો

- નહેરુની ભૂલને કારણે કલમ ૩૭૦ ભારત માતાના મસ્તકમાં શૂળની જેમ ખટકતી હતી. આઝાદીના છ દસક દરમ્યાન કોઈ સરકાર **કલમ ૩૭૦ દૂર** કરી ન શકી.
- મર્દાના નેતૃત્વ ધરાવતા શ્રી નરેન્દ્રભાઈએ એક ઝાટકે ૩૭૦ દૂર કરી દીધી.
- કલમ ૩૭૦ નાબૂદ થતાં દેશભરમાં દેશવાસીઓએ ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી આનંદ મનાવી, નરેન્દ્રભાઈને ધન્યવાદ આપ્યા.
- પાકિસ્તાનની સાન ઠેકાણે લાવવા પાકિસ્તાનમાં જઈ **'સર્જિકલ સ્ટ્રાઈક'** કરવાનો નિર્ણય લીધો.
- ભારતીય સૈનિકોએ પાકિસ્તાનમાં ઘૂસી પાકિસ્તાન સ્થિત આતંકવાદી કેમ્પોનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો.
- કાળાં નાણાંને નાથવા મહત્ત્વનો નોટબંધીનો નિર્ણય લીધો.
- **ત્રિપલ તલ્લાક** કાયદાની કલમ દૂર કરી મુસ્લિમ મહિલાઓને કાળા કાયદામાંથી મુક્તિ અપાવી.
- **બે કરોડ ગરીબ પરિવારોને આવાસ** અને **દસ કરોડ પરિવારોને શૌચાલયો** બનાવી આપી ગરીબોના જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આણ્યું.
- રૂા. ૮૦ હજાર કરોડથી વધુના ખર્ચે ૮૦ કરોડથી વધુ **ગરીબોને દિવાળી સુધી મફત અનાજ વિતરણ**નો નિર્ણય.
- કોરોના મહામારીમાં વિશ્વનો સૌથી મોટો રસીકરણનો કાર્યક્રમ ભારતમાં ચાલી રહ્યો છે. **૮૦ કરોડથી વધુ લોકોને રસી લગાવી ચૂકયા છીએ.**



**ચૂંટણીનાં પરિણામોમાં ભાજપાને પ્રચંડ જનાદેશ આપવા બદલ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં 'જનતા જનાર્દન અને કાર્યકર્તા આભારદર્શન' કાર્યક્રમ યોજાયો**



## ભાજપા સરકાર અને સંગઠન રાજયના વિકાસ માટે વચનબદ્ધ છે

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપાની લોકપ્રિયતાનો ગ્રાફ સતત ઊંચો જઈ રહ્યો છે - શ્રી સી.આર.પાટીલ

ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ સ્થાનિક સ્વરાજયની વિવિધ પેટા ચૂંટણીમાં ભાજપાને પ્રચંડ જનાદેશ આપવા બદલ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં જનતા જનાર્દન અને કાર્યકર્તા આભારદર્શન' કાર્યક્રમ યોજાયો હતો.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ભાજપના કાર્યકર્તાઓએ ભવ્ય જીતને વધાવી લીધી હતી. રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં **૪૪માંથી ૪૧ બેઠક પર ભાજપાનો ભવ્ય વિજય** થયો છે. તારીખ ૦૩ ઓક્ટોબરના રોજ યોજાયેલ સામાન્ય ચૂંટણી અંતર્ગત ૧૨૮ બેઠકોમાંથી ૧૦૩ બેઠક ભાજપના ફાળે ગઈ છે. ગાંધીનગર મહાનગર પાલિકાની ૪૪માંથી ૪૧ બેઠક, થરા નગર પાલિકાની ૨૪માંથી ૨૦ બેઠક, ઓખા નગરપાલિકાની ૩૬માંથી ૩૪ બેઠક તેમજ ભાણવડ નગર પાલિકામાં ૦૮ બેઠક પર ભાજપનો ભવ્યાતિભવ્ય વિજય થયો છે. પેટા ચૂંટણીમાં જોવા જઈએ તો મહાનગર પાલિકાની ૦૩માંથી ૦૨ બેઠક, જિલ્લા પંચાયતમાં ૦૮માંથી ૦૫ બેઠક તાલુકા પંચાયતમાં ૪૫માંથી ૨૮ બેઠક અને નગરપાલિકાની ૪૫માંથી ૩૭ બેઠક પર ભાજપનો ભવ્ય વિજય થયો છે. આમ કુલ ૨૩૨ બેઠકો પૈકી ૨૨૯ બેઠકોના જાહેર થયેલ પરિણામોમાં ભાજપાને ૧૭૫ બેઠકો પ્રાપ્ત થઈ છે. સમગ્ર રાજયમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રવાદ અને વિકાસની રાજનીતિને સમર્થન આપ્યું છે અને વિરોધીઓને તેમનું સ્થાન બતાવી દીધું છે.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ જણાવ્યું કે મતદારોએ ફરી એક વખત ગુજરાતના વિકાસ માટે





## સતત આશીર્વાદ આપવા બદલ જનતાનો આભાર, રાજ્યના ભાજપના કાર્યકર્તાઓના ભગીરથ પ્રયત્નોની પ્રશંસા કરું છું, સૌને અભિનંદન - શ્રી નરેન્દ્રભાઈ મોદી



વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તથા કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી અમિતભાઈ શાહે રાજ્યમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં ભાજપના ભવ્ય વિજય બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને, ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને તથા કાર્યકરોને અભિનંદન પાઠવ્યા.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકા તથા ગુજરાતની અન્ય સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓનાં પરિણામ ગુજરાતની જનતા અને ભાજપ વચ્ચેના અતૂટ સંબંધની પુષ્ટિ કરે છે, સતત આશીર્વાદ આપવા બદલ જનતાનો આભાર, રાજ્યના ભાજપના કાર્યકર્તાઓના ભગીરથ પ્રયત્નોની પ્રશંસા કરું છું, સૌને અભિનંદન.

ભાજપાને કમાન સોંપી છે. ભાજપા સરકાર અને સંગઠન ગાંધીનગરના તેમજ સમગ્ર રાજયના વિકાસ માટે વચનબદ્ધ છે. આપેલ તમામ વચનો પૂર્ણ કર્યા છે અને ભવિષ્યમાં પણ વિકાસ માટેના અવિરત પ્રયાસો થકી વિકાસની નવી ઊંચાઈઓ ગુજરાત સર કરે તેવા તમામ પ્રયત્નો સરકાર અને સંગઠન સાથે મળીને પૂર્ણ કરશે. ગાંધીનગર મહાનગર એ આપણા લોકલાડીલા ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહનું સંસદીય ક્ષેત્ર છે. શ્રી અમિતભાઈ શાહ અવારનવાર તેમના મતવિસ્તાર માટે કાર્યશીલ રહી વિકાસનાં કામોની સમીક્ષા કરી નાગરિકો માટે સતત ચિંતિત રહી વિસ્તારની માવજત કરે છે.

શ્રી સી. આર. પાટીલે વધુમાં જણાવ્યું કે ગુજરાતની જનતાએ નવનિયુક્ત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલેને જંગી વિજય અપાવી વધાવ્યા છે. સંગઠનના કાર્યકરોએ જવાબદારી નિભાવીને ઉત્કૃષ્ટ દાખલો પ્રસ્થાપિત કર્યો છે. શ્રી પાટીલે ત્રીજા મોરચા પર કટાક્ષ કરતાં જણાવ્યું કે ગુજરાતમાં ત્રીજી પાર્ટી માટે કોઈ જ જગ્યા નથી. ખૂબ ગર્જેલા મેઘ વરસેલ નથી. ગુજરાત અને ગુજરાતના નેતૃત્વ થકી દેશનું હિત કયાં છે તે ગુજરાતના મતદારો ખૂબ સારી રીતે જાણે છે, શ્રી પાટીલે ચૂંટાયેલ સૌ જન પ્રતિનિધિઓને હાકલ કરતાં જણાવ્યું કે જનતાની અપેક્ષા કરતાં પણ વધુ સારું કામ કરવાની આપણી સૌની સામૂહિક જવાબદારી છે અને આપણે તેને પરિપૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ બનીએ. નવનિયુકત મંત્રીમંડળને સમગ્ર રાજયમાં જન આશીર્વાદ યાત્રા થકી જે અભૂતપૂર્વ પ્રેમ મળી રહ્યો છે તે માટે સમગ્ર રાજયની જનતાનો ખૂબ ખૂબ આભાર શ્રી પાટીલે વ્યકત કર્યો હતો અને ભાજપાને ફરી એક વાર સેવા કરવાનો મોકો આપવા માટે જે જંગી મતદાન કર્યું તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.


ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે તેમના અધ્યક્ષીય

### રાષ્ટ્રીય કારોબારીમાં આપણા મહાનુભાવો

- શ્રી નરેન્દ્રભાઈ મોદી
- શ્રી અમિતભાઈ શાહ
- શ્રી સી. આર. પાટીલ
- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
- શ્રી સુધીરજી ગુપ્તા (પ્રદેશ પ્રભારી)
- શ્રી રત્નાકરજી
- શ્રી પરસોત્તમભાઈ રૂપાલા
- શ્રી મનસુખભાઈ માંડવિયા
- શ્રી વિજયભાઈ રૂપાણી
- શ્રી નીતિનભાઈ પટેલ
- શ્રીમતી ભારતીબેન શિયાળ
- શ્રીમતી રમીલાબેન બારા



## આપણે સૌ શ્રી સી. આર. પાટીલે નિર્ધારિત કરેલા ૧૮૨ વિધાનસભા સીટ પર વિજય પ્રાપ્ત કરવાના લક્ષ્યને અવશ્ય હાંસલ કરીશું - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના સંબોધનમાં ભાજપાને આશીર્વાદ આપવા બદલ જનતાનો સહૃદય આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણી હોય કે ન હોય, ભાજપનો કાર્યકર્તા હંમેશા પ્રજા વચ્ચે રહી પ્રજા માટે કાર્ય કરતો આવ્યો છે. ભાજપા ચૂંટણીલક્ષી કાર્ય કરનારી નહિ, પ્રજાની વચ્ચે રહેનારી પાર્ટી છે. ભાજપમાં કોઈ વ્યક્તિ કોઈ પણ પદ કે હોદ્દા પર હોય, સરકારમાં મંત્રી હોય તો પણ તે સામાન્ય કાર્યકર્તાની માફક કાર્ય કરવા માટે ટેવાયેલા છે. ભાજપા પરિવાર ભાવનાથી રાષ્ટ્રહિત માટે કાર્ય કરનાર રાજકીય પક્ષ છે.


શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાકાળમાં છેવાડાના માનવીનો ખ્યાલ રાખીને વિનામૂલ્ય કોરોના વેકસીન અને અનાજ વિતરણનું જે કાર્ય કર્યું છે તે આ દેશના ગરીબ નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે, તેનાથી સરકાર પ્રત્યે જનતાનું માન વધ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આપણા ગાંધીનગર લોકસભાના સાંસદ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સતત તેમના મતવિસ્તારમાં થઈ રહેલાં વિકાસકાર્યોનું મોનીટરીંગ કરે છે અને તેમના માર્ગદર્શનમાં ગાંધીનગર લોકસભા દેશનું સૌથી વિકસિત ક્ષેત્ર બનશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. જે રીતે જનતાનું સમર્થન ભાજપાને પ્રાપ્ત થઈ રહ્યું છે તે જોતા આયોજનબદ્ધ રીતે કાર્ય કરીને આપણે સૌ શ્રી સી.આર પાટીલે નિર્ધારિત કરેલા ૧૮૨ વિધાનસભા પર વિજય પ્રાપ્ત કરવાના લક્ષ્યને અવશ્ય હાંસલ કરીશું. શ્રી પટેલે અંતમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપા સરકાર અને સંગઠન જનતા તેમજ કાર્યકર્તાઓની પડખે ઊભું છે.

સંબોધનમાં જણાવ્યું હતું કે, ચૂંટણી પરિણામોથી સ્પષ્ટ છે કે, ગુજરાતની જનતાને ભાજપા સિવાય બીજી કોઈ પાર્ટીને સત્તાનું સુકાન સોંપવામાં રસ નથી. ભાજપા પ્રત્યેનો જનતાના સમર્થનનો ભાવ વધુ મજબૂત થયો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપાની લોકપ્રિયતાનો ગ્રાફ સતત ઊંચો જઈ રહ્યો છે. ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના શિરે સમગ્ર દેશની જવાબદારી હોવા છતાં તેઓ પોતાના મતક્ષેત્રના વિકાસ માટે અને દેશનું સૌથી વધુ વિકસિત ક્ષેત્ર બનાવવાના સંકલ્પ સાથે સતત કાર્યશીલ રહે છે. ગુજરાત સમગ્ર દેશ માટે આજે વિકાસના મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે ત્યારે આજે રાજ્યના પાટનગરની ચૂંટણીનું જે પરિણામ આવ્યું છે તે અપેક્ષિત અને સ્વાભાવિક છે. ચૂંટણી ટાણે બિલાડીના ટોપની જેમ ઊગી નીકળતા પક્ષોને જનતાએ જાકારો આપ્યો છે.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, પેજસમિતિ એ સંગઠનાત્મક રીતે જનતા સાથે સંપર્કમાં રહેવાનું માધ્યમ છે ચૂંટણી પરિણામ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં થયેલા વિવિધ જનહિતકારી નિર્ણયોનું પ્રતિબિંબ છે. ભાજપાની પ્રચંડ જીતનું શ્રેય ભાજપાના કાર્યકર્તાઓને શિરે જાય છે. કોરોનાકાળમાં પણ ભાજપાની કેન્દ્ર અને રાજ્ય સરકારે જનતાની જે રીતે કાળજી લીધી તે પ્રજાએ જોયું છે. ભાજપાનું સંગઠન અને સરકાર પ્રજાના સુખદુઃખમાં સાથે છે, મુશ્કેલીમાં પડખે છે. શ્રી પાટીલે ભાજપાના નેતૃત્વ અને કાર્યપદ્ધતિ પર વધુ એક વખત ભરોસો મૂકીને ભાજપાના પક્ષમાં જંગી મતદાન કરવા બદલ સૌ નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને સૌ કાર્યકર્તાઓની કામગીરીને બિરદાવી હતી. તેઓએ કર્ણાવતી મહાનગર અને ગાંધીનગર જિલ્લા ભાજપ સંગઠનનો પણ વ્યવસ્થામાં સહભાગી થવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ●



**ભારતના લોકતંત્રની એ તાકાત છે કે એક નાનો બાળક પણ ક્યારેક રેલવે સ્ટેશનના ટી સ્ટોલ પર પોતાના પિતાને મદદ કરતો હતો તે આજે ચોથી વખત UNGAને સંબોધન કરી રહ્યો છે**



# શુભકર્મ પથ ઉપર નિર્ભય બનીને આગળ ધપો તમામ દુર્બળતાઓ અને શંકાઓ સમાપ્ત થઈ જશે

નમસ્કાર સાથીઓ. મહામહિમ અબ્દુલ્લા શાહિદજી, તમને અધ્યક્ષપદ સંભાળવા બદલ હાર્દિક અભિનંદન પાઠવું છું.

તમારું અધ્યક્ષ બનવું તે તમામ વિકાસશીલ દેશ અને ખાસ કરીને નાના ટાપુ જેવા વિકાસમાન દેશો માટે ખૂબ જ ગૌરવની બાબત છે.

અધ્યક્ષ મહોદય, સમગ્ર વિશ્વ વીતેલા દોઢ વર્ષથી ૧૦૦ વર્ષમાં આવેલી સૌથી મોટી મહામારીનો સામનો કરી રહ્યું છે. આવી ભયંકર મહામારીમાં જીવ ગુમાવનાર તમામ લોકોને હું શ્રદ્ધાંજલિ આપું છું અને એ પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું.

અધ્યક્ષ મહોદય, હું એવા દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું કે જેને લોકશાહીની માતા તરીકેનું ગૌરવ પ્રાપ્ત થયું છે. લોકતંત્રની અમારી હજારો વર્ષોની મહાન પરંપરા રહી છે. આ ૧૫મી ઓગસ્ટે ભારતે પોતાની આઝાદીના ૭૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ભારતની વિવિધતા, અમારા સશક્ત લોકતંત્રની ઓળખ છે.

ભારતના લોકતંત્રની એ તાકાત છે કે એક નાનો બાળક પણ ક્યારેક રેલવે સ્ટેશનના ટી સ્ટોલ પર પોતાના પિતાને મદદ કરતો હતો તે આજે ચોથી વખત UNGA ને સંબોધન કરી રહ્યો છે

એક એવો દેશ કે જ્યાં ડઝનબંધ ભાષાઓ છે, સેંકડો બોલીઓ છે. અલગ અલગ રહેણીકરણી અને ખાન-પાન છે. વાયબ્રન્ટ લોકશાહીનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે.

સૌથી લાંબા સમય સુધી ગુજરાતના મુખ્યમંત્રી અને વીતેલા ૭ વર્ષથી ભારતના પ્રધાનમંત્રી તરીકે સરકારના વડાની ભૂમિકામાં સેવા કરતાં ૨૦ વર્ષથી વીતી ગયાં છે.

અને હું, મારા અનુભવથી કહીશ કે હા, લોકશાહી પરિણામો આપી શકે છે. લોકશાહીએ પરિણામો આપ્યાં છે.

અધ્યક્ષ મહોદય, એકાત્મ માનવદર્શનના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની આજે જન્મ જયંતી છે. એકાત્મ માનવદર્શન એટલે કે સંકલિત માનવતાવાદ, એટલે કે વ્યક્તિથી સમષ્ટિ સુધીના વિકાસ અને વિસ્તારની સહયાત્રા.

વ્યક્તિનું વિસ્તરણ, વ્યક્તિથી સમાજ સુધી અને રાષ્ટ્ર તથા સમગ્ર માનવજાત સુધીની ગતિનું આ ચિંતન અંત્યોદયને સમર્પિત છે. આજની પરિભાષામાં અંત્યોદયને, એક પણ વ્યક્તિ બાકી રહી જાય નહીં તેવી વ્યવસ્થા તરીકે ઓળખવામાં આવે છે.

આવી ભાવના સાથે ભારત આજે સુસંકલિત સમાન વિકાસની તરફ આગળ ધપી રહ્યું છે. વિકાસ સર્વસમાવેશી હોય, સર્વસ્પર્શી હોય, સર્વપોષક હોય તે અમારી અગ્રતા છે.

**વીતેલાં વર્ષોમાં ભારતમાં ૪૩ કરોડથી વધુ લોકો કે જે અત્યાર સુધી જેનાથી વંચિત હતા તેમને બેંકીંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવ્યા છે. આજે ૩૬ કરોડથી વધુ લોકોને વીમા સુરક્ષાનું કવચ મળ્યું છે. આ લોકો અગાઉ આ બાબતે વિચારી પણ શકતા ન હતા.**

**૫૦ કરોડથી વધુ લોકોને મફત સારવારની** સુવિધા પૂરી



પાડીને ભારતે તેમને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા સાથે જોડ્યા છે. ભારતે ત્રણ કરોડ પાકાં મકાન બનાવીને ઘરવિહોણા પરિવારોને મકાનના માલિક બનાવ્યા છે.

અધ્યક્ષ મહોદય, પ્રદૂષિત પાણી માત્ર ભારત જ નહીં, પણ સમગ્ર વિશ્વ અને ખાસ કરીને ગરીબ તથા વિકાસશીલ દેશોની ખૂબ મોટી સમસ્યા છે. ભારતમાં આ પડકારને પાર પાડવા માટે **૧૭ કરોડથી વધુ ઘર સુધી પાઈપલાઈનથી શુદ્ધ પાણી** પહોંચાડવાનું ખૂબ મોટું અભિયાન ચાલી રહ્યું છે.

વિશ્વની મોટી મોટી સંસ્થાઓનું એવું માનવું છે કે કોઈપણ દેશના વિકાસ માટે ત્યાંના નાગરિકો પાસે જમીન અને ઘરના માલિકી હક્કો એટલે કે માલિકીનો રેકોર્ડ હોય તે ખૂબ જ જરૂરી છે. દુનિયાના મોટા મોટા દેશોમાં, ખૂબ મોટી સંખ્યામાં એવા લોકો છે કે જેમની પાસે જમીનો અને ઘરના માલિકીહકક નથી.

આજે અમે **ભારતના ૬ લાખથી વધુ ગામમાં ડ્રોન વડે મેપીંગ કરીને કરોડો લોકોને તેમના ઘર અને જમીનનો ડિજિટલ રેકોર્ડ** પૂરો પાડવામાં જોડાયા છીએ.

આ ડિજિટલ રેકોર્ડ મિલકત અંગે વિવાદ ઓછા કરવાની સાથે સાથે ધિરાણ પ્રાપ્તિ- એટલે કે બેંક લોન સુધી લોકોની પહોંચ વધારી રહ્યા છે.

અધ્યક્ષ મહોદય, આજે વિશ્વની દર છઠ્ઠી વ્યક્તિ ભારતીય છે. જ્યારે ભારતની પ્રગતિ થાય છે ત્યારે વિશ્વના વિકાસને પણ ગતિ પ્રાપ્ત થાય છે.

જ્યારે ભારત વૃદ્ધિ પામે છે ત્યારે વિશ્વની વૃદ્ધિ થાય છે. જ્યારે ભારતમાં સુધારા થાય છે ત્યારે વિશ્વમાં પરિવર્તન આવે છે. ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજી આધારિત ઈનોવેશન્સ વિશ્વને ખૂબ મોટી મદદ કરી શકે છે. અમારા ટેક- સોલ્યુશન્સનો વ્યાપ અને તેના ઓછા ખર્ચની તુલના થઈ શકે તેમ નથી.

અમારું યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ, **યુપીઆઈથી આજે ભારતમાં દર મહિને ૩૫૦ કરોડથી વધુ વ્યવહારો થઈ શક્યા છે.** ભારતની વેક્સિન ડિલિવરી પ્લેટફોર્મ કો-વીન એક જ દિવસમાં વેક્સીનના કરોડો ડોઝ આપવા માટે ડિજિટલ સપોર્ટ પૂરો પાડી રહ્યું છે.

અધ્યક્ષ મહોદય,

सेवा परमो धर्म:

સેવા પરમ ધર્મ માનીને જીવનારૂં ભારત મર્યાદિત સાધનો હોવા છતાં પણ વેક્સિનેશનના વિકાસ અને ઉત્પાદનમાં પૂરા દિલથી લાગી ગયું છે.

હું UNGA ને માહિતી આપવા માંગું છું કે **ભારતે દુનિયાની પ્રથમ, દુનિયાની પ્રથમ ડીએનએ વેક્સિન વિકસાવી છે, જે ૧૨ વર્ષથી વધુ વય ધરાવતા લોકોને આપી શકાય છે.**

વધુ એક m-RNA વેક્સિન તેના વિકાસના આખરી તબક્કામાં છે. ભારતના વૈજ્ઞાનિકો કોરોના માટે નાકથી લઈ શકાય તેવી એક વેક્સિનની નિર્માણમાં લાગી ગયા છે. માનવ જાત પ્રત્યે પોતાની જવાબદારી સમજીને ભારતે વધુ એક વખત દુનિયાના જરૂરિયાત ધરાવનાર લોકોને રસી આપવાની શરૂઆત કરી દીધી છે. હું આજે સમગ્ર દુનિયાના વેક્સિન ઉત્પાદનોને આમંત્રિત કરું છું કે આવો અને ભારતમાં વેક્સિન બનાવો.

અધ્યક્ષ મહોદય, આપણે જાણીએ છીએ કે આજે માનવજીવનમાં ટેકનોલોજીનું કેટલું મહત્વ છે, પરંતુ બદલાતી જતી દુનિયામાં ટેકનોલોજી સાથે લોકશાહી મૂલ્યો સુનિશ્ચિત કરવાની આવશ્યકતા છે.

ભારતીય મૂળના ડોક્ટરો, ઈનોવેટર્સ, એન્જીનિયર્સ, મેનેજર્સ, કોઈપણ દેશમાં રહેતા હોય, અમારાં લોકશાહી મૂલ્યો તેમને માનવજાતની સેવામાં જોડાયેલા રહેવાની પ્રેરણા આપતા રહે છે, અને તે અમે કોરોના કાળમાં પણ જોયું છે.

અધ્યક્ષ મહોદય, કોરોના મહામારીએ વિશ્વને એવો પણ બોધપાઠ આપ્યો છે કે વિશ્વની અર્થવ્યવસ્થાનું હવે વધુ વ્યાપક પ્રમાણમાં વિસ્તરણ કરવામાં આવે અને તેના માટે ગ્લોબલ વેલ્યુચેઈનનો પણ વિસ્તાર થાય તે આવશ્યક છે.

અમારું આત્મનિર્ભર ભારત અભિયાન, આવી ભાવનાથી પ્રેરિત છે. ગ્લોબલ ઔદ્યોગિક વિવિધિકરણ માટે **ભારત વિશ્વનું એક લોકતાંત્રિક અને ભરોસાપાત્ર ભાગીદાર બની રહ્યું છે.** અને આ અભિયાનમાં ભારતે ઈકોનોમી અને ઈકોલોજી બંનેમાં બહેતર સમતુલા સ્થાપિત કરી છે. મોટા અને વિકસિત દેશોની તુલનામાં ક્લાયમેટ એક્શનથી શરૂ કરીને ભારતના પ્રયાસો જોઈને આપ સૌને ચોક્કસપણે ગર્વ થશે. આજે **ભારત ખૂબ ઝડપ સાથે ૪૫૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જીના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે.** અમે ભારતને દુનિયાના સૌથી મોટું ગ્રીન હાઈડ્રોજન હબ બનાવવાના અભિયાનમાં જોડાઈ ગયા છે.



અધ્યક્ષ મહોદય, આપણે આપણી આવનારી પેઢીઓને જવાબ આપવો પડશે કે જ્યારે નિર્ણય લેવાનો સમય હતો ત્યારે, જેમની ઉપર વિશ્વને દિશા દર્શાવવાની જવાબદારી હતી, ત્યારે તે લોકો શું કરી રહ્યા હતાં? આજે વિશ્વની સામે પ્રત્યાઘાતી વિચારધારા અને આત્યંતિક્તાનું જોખમ વધતું જાય છે.

આવી પરિસ્થિતિમાં સમગ્ર વિશ્વએ વિજ્ઞાન આધારિત, તાર્કિક અને પ્રગતિલક્ષી વિચારધારાને વિકાસનો આધાર બનાવવી જ પડશે.

વિજ્ઞાન આધારિત અભિગમને મજબૂત બનાવવા માટે ભારત અનુભવ આધારિત ભણતરને વેગ આપી રહ્યું છે. અમારે ત્યાં શાળાઓમાં હજારો અટલ ટીન્કરીંગ લેબ્ઝ શરૂ કરવામાં આવી છે. ઈનક્યુબેટર્સ બનાવ્યા છે અને એક મજૂબત સ્ટાર્ટ-અપ વ્યવસ્થા વિકસિત થઈ છે.

અમારી આઝાદીના ૭૫મા વર્ષના સંદર્ભમાં ભારત એવા **૭૫ સેટેલાઈટ અંતરિક્ષમાં** મોકલવાનું છે કે જે ભારતીય વિદ્યાર્થી, સ્કૂલ-કોલેજો બનાવી રહી છે.

અધ્યક્ષજી, પ્રત્યાઘાતી વિચારધારા સાથે જે દેશ આતંકવાદને રાજકીય સાધન તરીકે ઉપયોગમાં લઈ રહ્યા છે તેમણે એ સમજવું પડશે કે આતંકવાદ તેમના માટે પણ એટલું જ મોટું જોખમ ઊભું કરી શકે તેમ છે. આથી એ નિશ્ચિત કરવું ખૂબ જરૂરી છે કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ આતંકવાદ ફેલાવવામાં અને આતંકી હુમલાઓ માટે થાય નહીં. આપણે એ બાબતે પણ સતર્ક રહેવું પડશે કે ત્યાંની નાજૂક સ્થિતિનો કોઈ દેશ પોતાના સ્વાર્થ માટે, તેનો એક સાધન તરીકે ઉપયોગ કરે તેવો પ્રયાસ થાય નહીં.

હાલના સમયમાં અફઘાનિસ્તાનની જનતાને, ત્યાંની મહિલાઓ અને બાળકોને, ત્યાંની લઘુમતીઓને મદદ કરવાની જરૂર છે અને તે માટે આપણે પોતાની જવાબદારી નિભાવવી જ પડશે.

અધ્યક્ષ મહોદય, આપણા સમુદ્રો પણ આપણો સહિયારો વારસો છે અને એટલા માટે જ આપણે એ બાબતનું ધ્યાન રાખવું પડશે કે સામુદ્રિક સાધનોનો આપણે ઉપયોગ કરીએ, દુરુપયોગ નહીં. આપણા સમુદ્રો આંતરરાષ્ટ્રીય વેપાર માટે લાઈફલાઈન પણ છે. તેને આપણે વિસ્તરણ અને પ્રવેશથી વંચિત રાખવાની હરીફાઈથી બચાવવા પડશે.

નિયમ આધારિત વિશ્વ વ્યવસ્થાને બચાવવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયે એકસૂરમાં અવાજ ઉઠાવવો પડશે. સુરક્ષા પરિષદમાં ભારતના પ્રમુખપદ સમયે હાંસલ કરાયેલી વ્યાપક સંમતિ વિશ્વને મેરિટાઈમ સિક્યોરિટીના વિષયમાં આગળ ધપવાનો માર્ગ દર્શાવે છે.

અધ્યક્ષ મહોદય, સદીઓ પહેલાં ભારતના મહાન કૂટનીતિજ્ઞ, આચાર્ય ચાણક્યએ કહ્યું છે કે कालाति क्रमात काल एव फलम् पिबति એટલે કે જો, યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરવામાં ના આવે તો તે સમયે તે કાર્યની સફળતા સમાપ્ત થઈ જાય છે.

સંયુક્ત રાષ્ટ્રએ પોતાને પ્રાસંગિક બનાવી રાખવા માટે પોતાની અસરકારકતા સુધારવી પડશે, અને ભરોસાપાત્રતા વધારવી પડશે.

સંયુક્ત રાષ્ટ્ર અંગે આજે અનેક પ્રકારના સવાલો ઊભા કરવામાં આવી રહ્યા છે. આવા સવાલો આપણે કોવિડ ક્રાઈસીસમાં જોયા છે, કોવિડ કાળ દરમ્યાન જોયા છે. દુનિયાના અનેક ભાગોમાં ચાલી રહેલું પ્રોક્સીવૉર આતંકવાદ અને હવે અફઘાનિસ્તાનના સંકટના કારણે આ સવાલો ગંભીર બની ગયા છે. કોવિડની શરૂઆતના સંદર્ભમાં અને ખાસ કરીને આસાનીથી બિઝનેસ કરવાના રેંકીંગ બાબતે વિશ્વમાં શાસન સાથે જોડાયેલી સંસ્થાઓની દાયકાઓના પરિશ્રમથી ઊભી થયેલી વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

એ આવશ્યક છે કે આપણે સંયુક્ત રાષ્ટ્રને ગ્લોબલ ઓર્ડર, ગ્લોબલ લૉઝ અને ગ્લોબલ વેલ્યુઝની સુરક્ષા માટે સતત સુદૃઢ રાખીએ. હું, નોબલ પુરસ્કાર વિજેતા ગુરૂદેવ રવીન્દ્ર નાથ ટાગોરજીના શબ્દોની સાથે મારી વાતને પૂરી કરી રહ્યો છું.

शुभो कोर्मो-पोथे / धोरो निर्भोयो गान, शोब दुर्बोल सोन्शोय /होक ओबोसान।

આનો અર્થ એ થાય છે કે શુભકર્મ પથ ઉપર નિર્ભય બનીને આગળ ધપો. તમામ દુર્બળતાઓ અને શંકાઓ સમાપ્ત થઈ જશે.

આ સંદેશ આજના સંદર્ભમાં સંયુક્ત રાષ્ટ્ર માટે જેટલો પ્રાસંગિક છે તેટલો જ, દરેક જવાબદાર દેશ માટે પણ પ્રાસગિક છે. મને વિશ્વાસ છે કે આપણા સૌના પ્રયાસ, વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ વધારશે. વિશ્વને સ્વસ્થ, સુરક્ષિત અને સમૃદ્ધ બનાવશે.

આવી શુભકામનાઓ સાથે
ખૂબ ખૂબ ધન્યવાદ!
નમસ્કાર!



## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ અને સુશાસનનો એક અનોખો પથ ગુજરાત અને સમગ્ર દેશમાં પ્રસ્થાપિત કર્યો છે






# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પશક્તિ અને જનસેવાના ભેખના પરિણામે દેશના ૪૩ કરોડ લોકોના જનધન એકાઉન્ટ, ૧૩ કરોડ લોકોને ગેસ સુવિધા, ૧૦ કરોડ પરિવારોને શૌચાલય, ૫ કરોડ પરિવારોને વીજળી અને હવે પ્રત્યેક ઘરને નલ સે જલ અભિયાન થકી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનાં ભગીરથ કાર્યો આગળ ધપી રહ્યા છે - શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર જિલ્લા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ૮ ઓક્ટોબરના રોજ ગાંધીનગર સંસદીય વિસ્તારમાં કલોલ તાલુકાના પાનસર ખાતે ગાંધીનગર લોકસભા ક્ષેત્રના પ્રજાવત્સલ સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે ગામતળાવના બ્યુટીફિકેશનના ખાત મુહૂર્ત અને આરોગ્ય કેન્દ્રના નવીન મકાનનું લોકાર્પણ સહિત જિલ્લામાં ૧૦.૫૯ કરોડના ખર્ચે ૧૪૩ જેટલા જનસુવિધાનાં કાર્યોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

તે પૂર્વે શ્રી અમિતભાઈ શાહે માટી કામ સાથે જોડાયેલ નાગેશ્વર સખી મંડળની બહેનોના સ્વસહાય જૂથના આર્થિક ઉત્થાન હેતુ બહેનો દ્વારા સંચાલિત ટી સ્ટોલનું લોકાર્પણ ગાંધીનગર રેલ્વે સ્ટેશન ખાતે કર્યું હતું. આ ઉપરાંત માટીકામ સાથે જોડાયેલા શિલ્પકલાના વાહક કારીગરો સાથે સંવાદ સાધી આ કુશળ કારીગરો દ્વારા તૈયાર થયેલ માટીની કુલ્લડ માટેના ખરીદીના ઓર્ડર પણ એનાયત કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત કલોલ ખાતે શ્રી શાહે સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ઈન્ટરનેશનલ સ્કૂલનું ઉદઘાટન અને પીએસએ ઑક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે પાનસર ખાતેના કાર્યક્રમમાં સમગ્ર દેશ અને ગુજરાતની જનતાને મા શક્તિના આરાધનાના પર્વ નવરાત્રીની શુભકામનાઓ પાઠવી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સમગ્ર વિશ્વમાં અવ્વલ રહે અને મં જગત જનનીની કૃપા સદૈવ ગુજરાત અને દેશ પર બની રહે તેવી પ્રાર્થના પણ કરી હતી. તેઓએ કહ્યું હતું કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'આત્મનિર્ભર ભારત' અભિયાન અંતર્ગત કુંભાર સમુદાયના લોકોના સશક્તિકરણ માટે અને તેઓ આત્મનિર્ભર બને તે હેતુસર ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા કાર્યરત



'કુંભાર સશક્તિકરણ યોજના' હેઠળ આવા કારીગરોને માટીનાં વાસણો બનાવવાની તાલીમ આપીને પ્રશિક્ષિત કરવામાં આવે છે. આ કારીગરોને તાલીમ બાદ ઈલેક્ટ્રિક ચરખા ઉપલબ્ધ થાય અને તેને ખુલ્લા બજારમાં વેચાણ માટે પ્રણાલીઓ પ્રસ્થાપિત થાય તે દિશામાં પણ ચોક્કસ પગલાંઓ લેવાઈ રહ્યા છે. માટી કામના કારીગરો આ યોજનામાં જોડાઈને મહત્તમ લાભ લે તે માટે તેઓએ અનુરોધ કર્યો હતો.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ૧૩૦ કરોડ લોકોને રસના બે ડોઝ નિશુલ્ક આપવાનું નક્કી કર્યું, આવું ભગીરથ કાર્ય આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સિવાય કોઈ ન કરી શકે. તેઓએ કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પના પરિણામે કોરોના કાળ દરમિયાન ૮૦ કરોડ લોકોને ૧૩ મહિના સુધી પાંચ કિલો અનાજ દર મહિને આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રત્યેક ગરીબને અને લાભાર્થીને તેનો હક મળે અને રસીકરણ વિના એકપણ નાગરિક વંચિત ન રહે તે માટે સઘન અને વ્યાપક ઝુંબેશ હાથ ધરવા શ્રી શાહે નવયુવાનોને આહવાન કર્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે ૭ ઓક્ટોબર ૨૦૦૧ થી ૭ ઓક્ટોબર ૨૦૨૧ સુધીમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાના અને સુશાસનના ૨૦ વર્ષ પૂર્ણ થયા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ અને સુશાસનનો એક અનોખો પથ ગુજરાત અને સમગ્ર દેશમાં પ્રસ્થાપિત કર્યો છે.



**ભાજપને પ્રચંડ વિજયી બનાવવા બદલ ગુજરાતની જનતા તેમજ કર્મઠ કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક આભાર**

કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ટ્વિટમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ અન્ય મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતોની સીટોની ચૂંટણીઓમાં ભાજપને પ્રચંડ વિજયી બનાવવા બદલ ગુજરાતની જનતા તેમજ કર્મઠ કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક આભાર. મને વિશ્વાસ છે કે, વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર રાજ્યના ગરીબ, પછાત, વંચિત વર્ગના કલ્યાણ અને વિકાસ માટે આ રીતે સતત કાર્ય કરતી રહેશે.

તેઓએ કહ્યું હતું કે સમગ્ર વિશ્વમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એકમાત્ર એવા જન નેતા હશે કે જેમણે સતત ૨૦ વર્ષ લોકોની અને દેશની સેવામાં સમર્પિત કર્યા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને થઈ ગયેલા કાર્યોમાં આનંદ કરતા, કરવાના બાકી હોય તેવા કાર્યોની હંમેશા ચિંતા રહે છે. તેઓ પ્રત્યેક નાગરિકની સમસ્યા પોતાની સમસ્યા માને છે, લોકોના દુખે દુ:ખી અને લોકોના સુખે સુખી રહેવાની તેમની પ્રકૃતિ રહી છે.

શ્રી અમિતભાઈ શાહે અંતમાં કહ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પશક્તિ અને જનસેવાના ભેખના પરિણામે દેશના ૪૩ કરોડ લોકોના જનધન એકાઉન્ટ, ૧૩ કરોડ લોકોને ગેસ સુવિધા, ૧૦ કરોડ પરિવારોને શૌચાલય, ૫ કરોડ પરિવારોને વીજળી અને હવે પ્રત્યેક ઘરને નલ સે જલ અભિયાન થકી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાના ભગીરથ કાર્યો આગળ ધપી રહ્યા છે. જે પાછલા સાત દાયકામાં ન થયા એવા અકલ્પનીય જન જનની સુખાકારીના કાર્યો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંપન્ન કર્યા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકાભિમુખ શાસન થકી વિકાસના અને જન કલ્યાણના એક નવા યુગની શરૂઆત કરી છે.

શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર મહાનગર પાલિકામાં પ્રજાએ ભાજપાને આપેલા સ્પષ્ટ જનાદેશ અને પ્રચંડ બહુમત માટે અભિનંદન સહ આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે આ જીત "સૌના સાથની, સૌના વિકાસની, સૌના વિશ્વાસની અને સૌના પ્રયાસની" છે.

●





## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુષ્યમાન ભારત ડિજિટલ મિશનને લોંચ કર્યું

# રાશનથી પ્રશાસન સુધી બધું ડિજિટલ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે છેલ્લાં ૭ વર્ષોથી દેશની સ્વાસ્થ્ય સેવાઓને મજબૂત કરવા માટે જે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે તે આજથી એક નવા તબક્કામાં પ્રવેશ કરી રહ્યું છે. મોદીએ કહ્યું કે આયુષ્યમાન ડિજિટલ ભારત મિશન પૂરા દેશમાં શરૂ કરવામાં આવી રહ્યું છે. આ મિશન દેશના ગરીબ અને મધ્યમ વર્ગની સારવાર માટે જે પણ અડચણો આવી રહી છે તેને દૂર કરવામાં મોટી ભૂમિકા નિભાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ત્રણ વર્ષ પહેલાં પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીની જયંતીના અવસર પર પંડિતજીને સમર્પિત આયુષ્યમાન ભારત યોજના પૂરા દેશમાં શરૂ થઈ હતી.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે મને ખુશી છે કે આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન પણ પૂરા દેશમાં શરૂ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આરોગ્ય સેતુ એપ્લિકેશનના માધ્યમથી કોરોના સંક્રમણને ફેલાતો રોકવા માટે બહુ મદદ મળી રહી છે.

દરેકને રસી, મફતમાં રસી અભિયાન અંતર્ગત ભારત આજે લગભગ ૯૦ કરોડ ડોઝ લગાવી ચૂક્યો છે, જેમાં કોવિનનો પણ મહત્ત્વપૂર્ણ રોલ છે. તેમણે કહ્યું કે કોરોના કાળમાં ટેલિમેડિસિનનું પણ અભૂતપૂર્વ વિસ્તરણ થયું છે. ઇ-સંજીવનીના માધ્યમથી અત્યાર સુધી લગભગ સવા કરોડ રિમોટ કન્સલ્ટેશન પૂરાં થઈ ચૂક્યાં છે. આ સુવિધા દરરોજ દેશના અંતરિયાળ વિસ્તારમાં રહેનારા હજારો દેશવાસીઓને ઘરે બેઠાં જ શહેરોના મોટા હોસ્પિટલોના ડોક્ટરો સાથે કનેક્ટ કરી રહી છે.

આ મહત્ત્વાકાંક્ષી યોજનાનો ઉદ્દેશ દેશભરમાં આરોગ્યસેવાને ડિજિટલ બનાવવાનો છે. સૂચિત યોજના હેઠળ દરેક ભારતીય નાગરિકને આધાર નંબરની જેમ એક યુનિક હેલ્થ ID કાર્ડ આપવામાં આવશે. યુનિક ડિજિટલ હેલ્થ કાર્ડમાં વ્યક્તિનો તમામ મેડિકલ હિસ્ટ્રી ડિજિટલી રેકોર્ડ કરવામાં આવશે.

આખા દેશમાં ગમે તે સ્થળે આને કારણે વ્યક્તિનો ડિજિટલ હિસ્ટ્રી જાણી શકાશે. સરકારની આ યોજનાથી દેશના ગરીબો અને મધ્યમ વર્ગના લોકોને વધુમાં વધુ લાભ મળશે. યુનિક હેલ્થ ID કાર્ડ દ્વારા દેશવ્યાપી ડિજિટલ હેલ્થ ઈકો સિસ્ટમ તૈયાર કરી શકાશે. દરેક વ્યકિત મોબાઈલ પર જ આરોગ્ય સેવાઓની લગતી માહિતી અને સારવાર મેળવી શકશે.

### દેશની આરોગ્ય સેવામાં ક્રાંતિકારી પરિવર્તન આવશે

અગાઉ આ યોજના નેશનલ ડિજિટલ હેલ્થ મિશન (NDHM)ના નામથી ચાલતી હતી. પીએમ મોદીએ ૧૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ આંદામાન નિકોબાર ચંડીગઢ, દાદરા નગર હવેલી, દમણ દીવ, લદ્દાખ તેમજ લક્ષદ્વીપમાં શરૂ કરી હતી. આ સ્કીમ હવે આખા દેશમાં શરૂ કરાશે. મોદીએ આ સ્કીમને લૉન્ચ કરતાં કહ્યું હતું કે, દેશ એક નવા અને અસાધારણ તબક્કામાં પ્રવેશી રહ્યો છે. જેને કારણે દેશની આરોગ્યસેવામાં ક્રાંતિકારી પરિવર્તન આવશે. પ્રવાસન દિન પ્રસંગે જ હેલ્થ કાર્ડ મિશન શરૂ કરાઈ રહ્યું છે જે ઘણું મહત્ત્વનું છે.

### હેલ્થ ID કાર્ડ ક્યાં અને કેવી રીતે બનશે ?

ગૂગલ પ્લે સ્ટોર પર NDHM હેલ્થ રેકોર્ડ મેળવી શકાશે. જેમાં PHR એપ દ્વારા રજિસ્ટ્રેશન કરી શકાશે. આ માટે ૧૪ આંકડાનું યુનિક ID આપવામાં આવશે. સરકારી કે ખાનગી હોસ્ટિપલો તેમજ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર પર કાર્ડ બનાવી શકાશે. પ્રાઈમરી હેલ્થ સેન્ટર અને વેલનેસ સેન્ટર તેમજ કોમન સર્વિસ સેન્ટર પર સુવિધા મેળવી શકાશે. યુનિક હેલ્થ કાર્ડને લીધે વ્યક્તિનો આરોગ્યને લગતો રેકોર્ડ ડિજિટલ ફોર્મેટમાં નોંધાશે. વ્યક્તિનો મેડિકલ હિસ્ટ્રી ડિજિટલ ફોર્મેટમાં અપડેટ થશે. કોઈ બીજા શહેર કે હોસ્પિટલમાં યુનિક IDથી ડોક્યુમેન્ટ જોઈ શકાશે. ડૉક્ટરો માટે વ્યક્તિની સારવાર સરળ બનશે. શારીરિક તપાસનો ખર્ચ અને સમય બચશે.



### રાશનથી પ્રશાસન સુધી બધું ડિજિટલ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે ટ્વિટ કર્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયા અભિયાન દ્વારા દેશના સામાન્ય નાગરિકની શક્તિ વધી છે. આપણા દેશમાં **૧૩૦ આધાર નંબર, ૧૧૮ કરોડ મોબાઈલ યૂઝર, ૮૦ કરોડ ઈન્ટરનેટ યૂઝર્સ તેમજ ૪૩ કરોડ જનધન ખાતાં** છે. આવું આખી દુનિયામાં ક્યાંય નહીં હોય. આજકાલ રાશનથી પ્રશાસન સુધી બધું ડિજિટલ થઈ ગયું છે. દેશમાં આરોગ્ય સેતુ એપથી કોરોનાને વધતો રોકી શકાયો છે. દેશમાં સૌને મફત વેક્સિન અપાઈ રહી છે. ૯૦ કરોડ લોકોને વેક્સિનનાં ડોઝ અપાયા છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે દેશમાં સમાવેશી હેલ્થ મોડલ પર કામ કરવામાં આવશે. આમાં બીમારીઓથી લોકોને બચાવવા પર ભાર મુકાશે. હેલ્થ કેર અને બીમારીમાં ઈલાજ સુલભ હોય છે અને સસ્તો તેમજ સૌની પહોંચમાં હોય તેવાં પગલાં લેવાશે.

### ભારતમાં દરિયાથી લઈને જંગલો વચ્ચે ગામેગામ વેક્સિન પહોંચાડાઈ

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હ્રષીકેશમાં પીએમ કેર્સ ફંડ દ્વારા સ્થાપવામાં આવેલા ૩૫ પ્રેશર સ્વિંગ એડસોર્પશન (PSA) ઓક્સિજન પ્લાન્ટ દેશનાં ૩૫ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સમર્પિત કર્યા હતા. ઉત્તરાખંડના AIMs ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મોદીએ ભારતની વેક્સિનેશન ઝુંબેશની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે કોરોના સાથેના જંગમાં ભારતે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. દરિયાથી લઈને જંગલો વચ્ચેથી ગામેગામ વેક્સિન પહોંચાડાઈ છે. ભારતના કોરોના સામેના જંગની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે ભારતે વિકસાવેલું CoWIN એપ આખા વિશ્વ માટે ઉપયોગી પુરવાર થયું છે અને વિશ્વને માર્ગદર્શન આપી રહ્યું છે. મોટાપાયે વેક્સિન કેવી રીતે અપાય તે ભારતે આખા વિશ્વને દર્શાવ્યું છે. ભારતની વેક્સિન ઝુંબેશ આખા વિશ્વ માટે ઉદાહરણરૂપ છે. તેમણે ભારતના વેક્સિનેશન કાર્યક્રમને સૌથી મોટો અને ઝડપી ગણાવ્યો હતો. જે ભારતની એકતાનું પ્રતિબિંબ પૂરું પાડે છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે દેશમાં નવા પ્લાન્ટની સાથે કુલ ૧૧૫૦ ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત કરાયા છે જેમાં દરરોજ ૧૭૫૦ MT ઓક્સિજનનું ઉત્પાદન કરવામાં આવે છે. દેશના તમામ જિલ્લામાં હવે PSA ઓક્સિજન પ્લાન્ટ ધમધમી રહ્યા છે. દેશભરમાં ૧૨૨૪ PSA ઓક્સિજન પ્લાન્ટને પીએમ કેર્સ ફંડમાંથી સ્થાપવામાં આવ્યા છે. લિક્વિડ મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન ૧૦ ગણું વધ્યું છે.

## ગુજરાતને કોરોના વેક્સિનેશનમાં શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ

કોવિડ-૧૯ વેક્સિનેશનમાં ગુજરાતે દેશભરનાં મોટાં રાજ્યોની કેટેગરીમાં શ્રેષ્ઠ તમ દેખાવ દ્વારા બેસ્ટ વેક્સિનેશન કોમ્બેટીંગ કોવિડ-૧૯ નો એવોર્ડ મેળવવાની ગૌરવસિદ્ધિ મેળવી છે. નવી દિલ્હીમાં આયોજિત એવોર્ડ વિતરણ સમારોહમાં ગુજરાતને 'ઈન્ડિયા ટુ ડે હેલ્થગીરી એવોર્ડ ૨૦૨૧' અંતર્ગત આ ગૌરવ સન્માન કેન્દ્રિય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ એનાયત કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કોરોના વેક્સિનેશન સાથે સંકળાયેલા રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સૌ કર્મયોગીઓની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી આ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યાં છે. ગુજરાતમાં રસીકરણ પાત્રતા ધરાવતા ૧૮ વર્ષથી ઉપરની વયના કુલ ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ લોકો છે. આરોગ્ય વિભાગે સઘન કોરોના રસીકરણ ઝુંબેશ આદરીને ૪ કરોડ ૨૧ લાખ ૮૬ હજાર ૫૨૮ પ્રથમ ડોઝ અને ૧ કરોડ ૯૨ લાખ ૪ હજાર ૬૧૧ બીજો ડોઝ મળીને કુલ ૬ કરોડ ૧૩ લાખ ૯૧ હજાર ૧૩૯ ડોઝ આપ્યા છે. પ્રતિ દસ લાખ વેક્સિનેશનમાં પણ બેય ડોઝ મળીને ગુજરાતમાં ૬.૨૩ લાખ વેક્સિનેશન ડોઝ આપવામાં આવ્યા છે.

સમગ્ર રાજયના જિલ્લાઓમાં કુલ મળીને ૮૨.૭ ટકા તેમજ કોર્પોરેશન વિસ્તારોમાં ૯૩.૯ ટકા ને પ્રથમ ડોઝ અપાઈ ગયા છે. રાજયનાં કુલ ૧૮૨૧૫ ગામોમાંથી ૧૩૭૮૮ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કરી દેવાયું છે કોરોના વેક્સિનેશનની આટલી વ્યાપક અને સઘન કામગીરીના ફલસ્વરૂપે ગુજરાતે દેશનાં મોટાં રાજયોની કેટેગરીમાં શ્રેષ્ઠ ક્રમ પ્રાપ્ત કર્યો છે.



# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મદિવસ નિમિત્તે આયોજિત સેવા અને સમર્પણ અભિયાન અંતર્ગત  ગુજરાત ભાજપા દ્વારા ૧૯૬ પ્રકારની અલગ અલગ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી - શ્રી સી.આર.પાટીલ



મિશન મિલિયન ટ્રી અંતર્ગત મિયાવાકી પદ્ધતિથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ ઝોનના ઓઢવ વૉર્ડમાં ગાયત્રી ગાર્ડન, ઓઢવ ખાતે એક સાથે ૧૦૦૦૦ વૃક્ષો રોપવાનો કાર્યક્રમ હાથ ધરાયો હતો.

આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સંબોધતાં જણાવ્યું કે, સમગ્ર ઓઢવ વિસ્તાર વૃક્ષારોપણના કાર્યક્રમ નિમિત્તે હિલોળે ચઢ્યો હોય એવો અહેસાસ વિસ્તારના કાર્યકર્તાઓએ મારું રેલી સ્વરૂપે સ્વાગત કરીને કરાવ્યો છે.

શ્રી પાટીલે વૃક્ષારોપણની ઉપયોગિતા વિશે જણાવ્યું કે, કોરોનાના કપરા કાળમાં આપણને ઓક્સિજનની કિંમત સમજાઈ હતી. જેટલાં વધુ વૃક્ષો વાવીશું તેટલો જ વધુ ઓક્સિજન આપણને મળશે અને આવનારી પેઢીને આપણે શુદ્ધ પર્યાવરણવાળી ધરતીમાતા ભેટ સ્વરૂપે આપી શકીશું. શ્રી પાટીલે સૌને આહ્‌વાન કર્યું હતું કે, આપણા પોતાના અથવા તો પરિવારના સભ્યના જન્મદિવસના ઉપલક્ષમાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લેવો જોઈએ. શ્રી પાટીલે ભારપૂર્વક જણાવ્યું કે, માત્ર વૃક્ષારોપણના કાર્યક્રમો કરીને આપણી જવાબદારી પૂર્ણ થતી નથી પરંતુ વાવેલાં વૃક્ષોનું કાળજીપૂર્વક જતન કરીને તેમને ઉછેરવાનો સંકલ્પ આપણે લેવો જોઈએ. ગ્લોબલ વોર્મિંગના કારણે કુદરતી પ્રક્રિયામાં ઘણો બદલાવ આવી રહ્યો છે તેવા સમયે વૃક્ષોનું નિકંદન ન કરવા માટે આપણે સૌ સંકલ્પબદ્ધ થઈએ અને સ્વેચ્છિક રીતે વૃક્ષ ઉછેરીએ.

શ્રી પાટીલે રેઈન વોટર હાર્વેસ્ટિંગનો મહત્તમ ઉપયોગ કરવાની અપીલ કરતાં જણાવ્યું કે, આપણા વિસ્તારમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટેની જનજાગૃતિ ફેલાવીને પાણીનું સ્તર વધારવા માટે બનતા તમામ પ્રયત્નો કરવા જોઈએ. શ્રી પાટીલે રેઈન વોટર હાર્વેસ્ટિંગનો એક ઉત્કૃષ્ટ દાખલો આપતાં જણાવ્યું કે, ૧૪ x ૪૫ ચો.મી.ના એક મકાનમાં સીઝનમાં ૧૦૦ ML વરસાદ પડે તો આશરે ૧ લાખ લીટર પાણી જમીનમાં ઉતારી શકીએ.

શ્રી પાટીલે અંતમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧માં જન્મદિવસ નિમિત્તે આયોજિત સેવા અને સમપર્ણ અભિયાન અંતર્ગત  ગુજરાત ભાજપા દ્વારા ૧૯૬ પ્રકારની અલગ અલગ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં ૭૧ લાખ જેટલાં વૃક્ષો વાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

**૭૧ હજાર જેટલાં અલગ અલગ પ્રકારનાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. ૭૧ બાળકોની ઓપન હાર્ટ સર્જરી નિઃશુલ્ક કરવામાં આવી, ૭૧ જેટલા ગરીબ બાળકોને દત્તક લઈને તેમને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનાવવાની જવાબદારી ભાજપાએ લીધી છે અને રાજ્યનાં ૫૮૯ જેટલાં મંડળોમાં રક્તદાન શિબિરનું આયોજન હાથ ધરી બ્લડ બેન્કોમાં હાલમાં સરપ્લસ રક્તનાં યુનિટો એકઠાં કરવાની ભગીરથ કામગીરી ગુજરાત ભાજપાએ કરી છે તે બદલ ભાજપા સંગઠનના તમામ પદાધિકારીશ્રીઓ અને કાર્યકર્તાશ્રીઓને લાખ લાખ અભિનંદન પાઠવ્યાં હતાં.**



# ગુજરાત વિધાનસભાનું ઐતિહાસિક સત્ર સંપન્ન



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વમાં વિધાનસભાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ

રાજયના શિક્ષણમંત્રી શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત વિધાનસભાનું ઐતિહાસિક સત્ર સફળતાપૂર્વક સંપન્ન થયું છે. મુખ્યમંત્રીશ્રીના સાલસ સ્વભાવ અને નિખાલસ વ્યક્તિત્વના પરિણામે વિપક્ષના નેતાશ્રી સહિત સૌ સભ્યોના અપ્રતિમ સહયોગના પરિણામે બે દિવસનું સત્ર સફળતાપૂર્વક સંપન્ન થયું છે. તે બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ડૉ. નીમાબહેન આચાર્યની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે, જયારે ઉપાધ્યક્ષ તરીકે શ્રી જેઠાભાઈ ભરવાડની વરણી કરવામાં આવી છે.

મંત્રીશ્રી વાઘાણીએ કહ્યું કે, બે દિવસના આ સત્રમાં રાજ્ય સરકારના મહત્ત્વના નિર્ણયો, યોજનાકીય કામગીરી માટે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં પણ વિપક્ષ-શાસક પક્ષના સૌ સભ્યો સમગ્ર કામગીરીમાં ખૂબ જ નિષ્પક્ષ રીતે સહભાગી થયા હતા.

તેમણે ઉમેર્યું કે ગૃહમાં રજૂ થયેલા ચાર સરકારી વિધેયકોમાં પણ વિપક્ષ સહિત સૌ સભ્યોએ ખુલ્લા મને ચર્ચા કરીને તમામ બિલો સર્વાનુમતે પસાર કરાયા છે, એ પણ એક ઐતિહાસિક ઘટના બની છે.

મંત્રીશ્રીએ બે દિવસીય વિધાનસભા સત્રની વિગતો આપતાં કહ્યું હતું કે, આ ચાલુ સત્રમાં કુલ ચાર વિધેયક વિના વિરોધે, સર્વાનુમતે પસાર કરાયા હતા. જેમાં નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક ૨૦૨૧ તથા ભારતનું ભાગીદારી (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૧; શ્રમ અને રોજગાર વિભાગનો સ્વતંત્ર હવાલો ધરાવતા રાજયમંત્રીશ્રી બ્રિજેશકુમાર મેરજાએ ''કૌશલ્યા'' ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક ૨૦૨૧, જયારે શિક્ષણ વિભાગનું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) ૨૦૨૧ને સર્વાનુમતે વિના વિરોધે પસાર કરીને વિધાનસભા ગૃહમાં પક્ષ અને વિપક્ષે ગુજરાતની પ્રજાના હિતમાં નવી હકારાત્મક પહેલ કરી છે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, વિધાનસભા સત્રના છેલ્લા દિવસે વૃક્ષારોપણનું મહત્ત્વ દર્શાવતો છેલ્લા દિવસનો પ્રસ્તાવ ધારાસભ્યશ્રી જીગ્નેશકુમાર સેવકે રજૂ કર્યો હતો, જેમાં વિવિધ ધારાસભ્યોશ્રીએ ચર્ચામાં ભાગ લઈને પોતાના વિચારો રજૂ કર્યા હતા. વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણાએ ગુજરાતમાં વૃક્ષારોપણ થકી ઓક્સિજનનું સ્તર વધારવા, વૃક્ષારોપણનું મહત્ત્વ અને રાજય સરકારના વન વિભાગ દ્વારા વિવિધ વનીકરણની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી.

તેમણે ઉમેર્યું કે સમગ્ર સત્ર દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,પૂર્વ કૃષિમંત્રી શ્રી આર.સી. ફળદુ,પૂર્વ ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિત સૌ સિનિયર મંત્રીશ્રીઓના માર્ગદર્શન થકી કામગીરી સુચારુ રીતે સંપન્ન થઈ છે.

●





## ગુજરાત વિધાનસભાનાં પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે શ્રી ડો. નીમાબહેન આચાર્યની વરણી

ગુજરાતના ઇતિહાસમાં પ્રથમવાર વિધાનસભા ગૃહના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે ભૂજના ધારાસભ્ય શ્રી ડૉ.નીમાબેન આચાર્યની વરણી કરવામાં આવી છે. ચૌદમી ગુજરાત વિધાનસભામાં નવમા સત્રના પ્રથમ દિવસે વિધાનસભા ગૃહમાં શાસક પક્ષના નેતા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ડૉ. નીમાબેન આચાર્યની ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે વરણી માટે કરેલી દરખાસ્તને તમામ ધારાસભ્યોએ ઉત્સાહભેર વધાવી લઈને મહિલા સશક્તીકરણને વધુ પ્રાધાન્ય આપવા એક હકારાત્મક અભિગમની અનોખી પહેલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે જેમના નામ પરથી ગુજરાત વિધાનસભા ગૃહનું નામકરણ થયેલું છે તેવા અને વર્ષ ૧૯૨૫માં CLAના પ્રથમ સભ્ય એવા માન.વિઠ્ઠલભાઈ પટેલની પણ આજે જન્મતિથિ છે તેવા શુભ દિવસે સભાગૃહે એક નવી ઉજ્જવળ પરંપરાનો પ્રારંભ કરીને ડૉ. નીમાબેન આચાર્યની ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે વરણી કરી છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ડૉ.નીમાબહેન આચાર્યને પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે સભાગૃહવતી અભિનંદન આપીને શુભેચ્છાઓ પાઠવી હતી.

### ડો. નીમાબહેન આચાર્ય

ડૉ. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય, ૩ ભૂજ મત વિભાગ (કચ્છ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલાં છે. તેમનો જન્મ તા. ૧૨મી ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના નાગનેશ ખાતે થયો હતો. તેઓએ એમ.બી.બી.એસ., ડી.જી.ઓ. અને ગાયનેક ઓબસ્ટ્રેટીક એમ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ વ્યવસાયે ડૉક્ટર છે. તેઓ નવમી, અગિયારમી, બારમી અને તેરમી વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યાં છે. તેઓ મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ, ગ્રામવિકાસલક્ષી પ્રવૃત્તિઓ, રમતગમત પ્રવૃત્તિઓ સહિત અનેક જનહિતલક્ષી કામગીરીનો શોખ ધરાવે છે.



## ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે શ્રી જેઠાભાઈ ભરવાડની વરણી

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ભારતીય જનતા પક્ષના શહેરા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી જેઠાભાઈ ભરવાડની વરણી કરવામાં આવી છે.

૧૪મી ગુજરાત વિધાનસભાના નવમા સત્રના પ્રથમ દિવસે વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી ડૉ. નીમાબહેન આચાર્ય દ્વારા વિધાનસભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે શ્રી જેઠાભાઈ ભરવાડના નામની દરખાસ્ત મૂકવામાં આવી હતી, જે બહુમતીથી પસાર થઈ હતી.

વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે નિમણૂક થવા બદલ શ્રી જેઠાભાઈ ભરવાડને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રીમંડળના સભ્યશ્રીઓ સહિત શાસક પક્ષના સભ્યશ્રીઓએ અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

### શ્રી જેઠાભાઈ ભરવાડ

શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ ૧૨૪-શહેરા મત વિભાગ (પંચમહાલ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૦૧ જૂન ૧૯૫૦ના રોજ અણિયાદ ખાતે થયો છે. તેઓએ બી.એ., ફર્સ્ટ એલએલ. બી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ દસમી, અગિયારમી, બારમી અને તેરમી વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યા છે. તેઓએ પંચમહાલ દૂધસંઘ, ગોપાલક વિકાસ મંડળ, ગોપાલક સહકારી મંડળી, અણિયાદ દૂધ મંડળી, તથા ખરીદ-વેચાણ સંઘ, શહેરાના ચેરમેન તરીકે સેવા આપી છે. તેઓને વાંચન અને રમત-ગમતનો શોખ છે.



● પ્રેરક શાહ



# રીટ્રોસ્પેક્ટિવ કરનાબૂદી - શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારનો સંવેદનશીલ અને ઐતિહાસિક નિર્ણય

મોદી સરકારે તા. ૦૫-૦૮-૨૦૨૧ના રોજ રેટ્રોસ્પેકટીવ (પૂર્વવર્તીય) કાયદો નાબૂદ કર્યો જે વર્ષ ૨૦૧૨ ના બજેટમાં યુ.પી.એ. સરકાર દ્વારા લાગુ કરવામાં આવ્યો હતો અને જેના કારણે ભારત દેશની આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ બેઈજ્જતી થઈ હતી અને વિશ્વનો ભારત દેશ પર વિશ્વાસ ઘટ્યો હતો.

વર્ષ ૨૦૦૭માં યુ.કે. સ્થિત વોડાફોન કંપની દ્વારા હચીસન એસ્સાર કંપનીનું હસ્તાંતરણ કરવાનું નક્કી થયું હતું. જો કે બાદમાં આ સોદો આગળ વધી શક્યો ન હતો. પરંતુ સરકાર દ્વારા વોડાફોન પર જૂની અસરથી ટેક્સ લગાવી લગભગ રૂપિયા ૭,૯૯૦ કરોડની આવકવેરાની ઉઘરાણી કાઢવામાં આવી હતી જેની સામે વોડાફોન કંપનીએ સુપ્રીમ કોર્ટમાં યુ.પી.એ. સરકારના આ પગલાંને પડકાર્યો હતો અને વર્ષ ૨૦૧૨માં જીતી ગયા હતા. ત્યારબાદ યુ.પી.એ. સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨ના બજેટમાં આ ટેક્સને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું જેનું નામ હતું રેટ્રોસ્પેકટીવ ટેક્સ''. આ કાયદો પસાર કર્યો તે સમયે વોડાફોન કંપની પાસેની આવકવેરાની ઉઘરાણી વ્યાજ અને દંડ સાથે મળીને લગભગ ૧૪,૦૦૦ કરોડ અને વર્ષ ૨૦૧૬માં આ રકમ લગભગ રૂપિયા ૨૨,૦૦૦ કરોડ જેટલી થઈ ગઈ હતી. આ કાયદો લાવીને જૂનાં વર્ષોની અસરથી કરવેરો વસૂલ કરવાની સરકારની નીતિ સામે વોડાફોન કંપનીએ આંતરરાષ્ટ્રીય આર્બિટ્રેશન ટ્રિબ્યુનલમાં અપીલ કરી હતી જે કંપનીના પક્ષમાં મંજૂર રાખવામાં આવી.

આવું જ કંઇ ને કંપનીના કિસ્સામાં પણ થયું હતું જેમાં વર્ષ ૨૦૦૬-૦૭માં થયેલા સોદામાં કંપની પાસેથી જૂનાં વર્ષોની અસરથી આવકવેરાની માંગણી કરવામાં આવી. વર્ષ ૨૦૧૧ માં આ કંપની વેદાન્તા કંપનીએ ખરીદી લીધી હોવા છતાં કેઇન કંપની પાસેથી માંગણી કરવામાં આવી અને જયારે કંપનીએ આ કર ભરવાની ના પાડી ત્યારે તેની સામે કાયદાકીય પ્રક્રિયા શરૂ કરવામાં આવી. વર્ષ ૨૦૧૪માં જયારે કંપની ટ્રિબ્યુનલમાં કેસ હારી ગઈ ત્યારે આવકવેરા વિભાગ દ્વારા કંપનીને કરની રકમ પેટે ૧૦,૨૪૭ કરોડની માંગણી કરવામાં આવી. આ રકમ વ્યાજ અને દંડ સાથે કુલ રૂપિયા ૨૪,૫૦૦ કરોડ જેટલી હતી. ત્યારબાદ કંપની કેસ જીતી ગઈ હતી. જે પછી કંપનીએ આંતરરાષ્ટ્રીય આર્બિટ્રેશન ટ્રિબ્યુનલમાં અપીલ કરી હતી જે કંપનીના પક્ષમાં મંજૂર રાખવામાં આવી.

આ બંને કેસમાં હાર્યા બાદ સરકાર પર કંપનીઓ દ્વારા કરવામાં આવેલા કાયદાકીય ખર્ચની રકમ વ્યાજ સાથે પરત આપવાનો હુકમ કરવામાં આવ્યો હતો. કેઇન દ્વારા કુલ રૂપિયા ૧૦,૨૪૭ કરોડની આવકવેરા, વ્યાજ અને દંડની માંગણી સામે કાયદાકીય અને અન્ય ખર્ચની રકમ વ્યાજ સાથે આશરે રૂપિયા ૧૦,૫૭૦ કરોડ જેટલી થઈ ગઈ હતી અને વોડાફોન દ્વારા કુલ રૂપિયા ૨૨,૦૦૦ કરોડની આવકવેરા, વ્યાજ અને દંડની માંગણી સામે કાયદાકીય ખર્ચની રકમ આશરે રૂપિયા ૪૫ કરોડ જેટલી થઈ ગઈ હતી જે આપવાની જવાબદારી સરકાર પર આવી હતી. આવી જ રીતે સરકારે વર્ષ ૨૦૦૯માં સનોફી શાનથા બાયોટેક, વર્ષ ૨૦૦૫માં એ.ટી.એન્ડ.ટી. આઈડિયા સેલ્યુલર, વર્ષ ૨૦૧૧ માં ક્રાફટ-કેડબરી વચ્ચે થયેલા સોદાઓમાં પણ જૂનાં વર્ષોની અસરથી આવકવેરાની માંગણીઓ કરી હતી.

કાયદાની કોઈ કલમ ક્યારથી લાગુ કરવી તે નક્કી કરવાનું હોય ત્યારે બે રીતે તે લાગુ કરી શકાય. ૧. પ્રોસ્પેકટીવ (વર્તમાન અને ભવિષ્યની અસરથી) ૨. રેટ્રોસ્પેકટીવ (પાછળનાં વર્ષોની અસરથી). વર્ષ ૨૦૧૨ સુધી કાયદામાં એવી જોગવાઈ હતી કે કોઈ પણ કલમ પાછળના વર્ષોની અસરથી ત્યારે જ લાગુ કરી શકાય કે જયારે તે કલમ કરદાતાને ફાયદારૂપ હોય. વર્ષ ૨૦૧૨માં યુ.પી.એ. સરકારે પેટ્રોસ્પેકટીવ ટેક્સ જેવો ભયાનક કાયદો લાવી વિશ્વમાં ભારત જેવા વિકાસશીલ દેશની વિકાસયાત્રામાં વધુ એક વિઘ્ન ઊભું કરવાનું કૃત્ય કર્યું જેને વર્ષ ૨૦૨૧માં મોદી સરકારે દૂર કરી વિશ્વને ભારતની વિકાસયાત્રામાં સહભાગી થવા આમંત્રણ આપ્યું અને એક ઉદાહરણ પૂરું પાડ્યું છે.



## યતીન્દ્રનાથ દાસ

**જન્મ : ૨૭-૧૦-૧૯૦૪ • અવસાન : ૩-૯-૧૯૨૯**

જેલમાં ૬૩ દિવસના ઉપવાસ કરીને શહીદ થયેલા ક્રાંતિકારી યતીન્દ્રનાથ દાસ કોલકાતાના વતની હતા. ક્રાંતિકારી દળ વતી આગ્રામાં તેઓ બોમ્બ બનાવવાની ફેક્ટરી ચલાવતા હતા. ભગતસિંહ અને ભગવતીચરણ વહોરા તેમની પાસેથી જ બોમ્બ બનાવવાનું શીખેલા. બીજા લાહોર ષયંત્ર કેસ અંતર્ગત ઉત્તર ભારતમાંથી જે ક્રાંતિકારીઓની ધરપકડ કરવામાં આવેલી તેમાં એક યતીન્દ્રનાથ પણ હતા. લાહોરની આ જેલમાં ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત સાથે જેલના અધિકારીઓ તરફથી ખૂબ જ ખરાબ વ્યવહાર કરવામાં આવતો હતો. આ સિવાય ત્યાં યુરોપિયન અને હિન્દી કેદીઓ વચ્ચે પણ ભેદભાવ રાખવામાં આવતો હતો. આ અન્યાયના વિરોધમાં ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત ઉપવાસ ઉપર ઊતર્યા. તેના સમર્થનમાં યતીન્દ્રનાથે પણ ઉપવાસ શરૂ કર્યા. જેલના અધિકારીઓ તરફથી ઉપવાસીઓનું મન ડગાવવા સ્વાદિષ્ટ ભોજન બનાવીને કેદીઓની કોટડીમાં મોકલવા માંડ્યું. તાજાં ફળ અને કેસરવાળું દૂધ મોકલવાનું પણ બાકી ન રાખ્યું. તોયે ક્રાંતિકારીઓનું મનોબળ તોડવામાં એમને સફળતા ન મળી. ભગતસિંહે ૪૧ દિવસ અને બટુકેશ્વર દત્તે ૪૫ દિવસ પછી સાથીદારોના દબાણ આગળ ઝૂકીને પારણાં કર્યાં. પરંતુ યતીન્દ્રનાથ કોઈ પણ સંજોગમાં ઉપવાસ છોડવા તૈયાર ન થયા. કેદીઓની માંગ સંતોષવામાં ન આવે ત્યાં સુધી ઝૂકવા તૈયાર નહોતા. આમ ને આમ ૬૩ દિવસ નીકળી ગયા. યતીન્દ્રનાથ મૃત્યુની સાવ નજીક પહોંચી ગયા. જેલના અધિકારીઓની ચિંતા વધી પડી. ભૂખ હડતાળને કારણે યતીન્દ્રનાથનું જેલમાં મૃત્યુ થાય તો દેશમાં હાહાકાર મચી જાય તેમ હતો. અંતે બળપૂર્વક ઉપવાસ તોડાવવાનું નક્કી થયું. પાગલખાનાના એક ડોક્ટરને બળપૂર્વક દૂધ પિવડાવવાની સારી ફાવટ હતી. તેમને બોલાવવામાં આવ્યા. જેલના દસેક માણસોએ ભેગા થઈને યતીન્દ્રનાથને આડા પાડ્યા. જેમાંથી બે જણાએ તેમના પગ પકડી રાખ્યા. બે જણાએ હાથ અને બે જણાએ ઘૂંટણ પકડયા. ડોક્ટરે તેમની છાતી પર બેસીને બળપૂર્વક તેમના મોઢામાં નળી ઉતારી. દબાણપૂર્વક નખાયેલી આ નળી અન્નનળીને બદલે શ્વાસનળીમાં ગઈ. જેને કારણે દૂધ યતીન્દ્રનાથના પેટમાં ન જતાં ફેફસાંમાં ગયું. યતીન્દ્રનાથની આંખો ઉપર ચડી ગઈ. તેઓ પાણી વગરની માછલીની જેમ તરફડિયાં મારવા માંડ્યા. ડોક્ટર તેમને એ જ હાલતમાં છોડીને ચાલ્યા ગયા. જેલના અન્ય કેદીઓએ ઊહાપોહ મચાવતાં બીજે દિવસે ડોક્ટરની ટીમ બોલાવવામાં આવી. એમને ન્યૂમોનિયા લાગુ પડી ગયો હતો. જેલની અંદર જ એમણે દમ તોડ્યો. ફાંસીના ફંદા કે બંદૂકની ગોળી કરતાં ભૂખ હડતાલથી મરવું અનેકગણું કષ્ટદાયક ગણાય. આવી રીતે મોતને વ્હાલું તો યતીન્દ્રનાથ જેવો કોઈ વીરલો જ કરી શકે.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# ભાજપની ભવ્ય જીત બાદ શ્રી કમલમ્ ખાતે આયોજિત 'જનતા જનાર્દન અને કાર્યકર્તા આભારદર્શન' કાર્યક્રમની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.